CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ શ્રીઃ ॥

यजुर्वेदः

(મૂળ મન્ત્રો, અનુવાદ અને અભ્યાસનોંધ સાથે)

(પસંદગીનાં સૂક્તો)

: સમ્પાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ

સંસ્કૃત વિભાગ

ભાષા સાહિત્ય ભવન

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat

CC-0: In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri

॥ શ્રીઃ ॥

॥ શુક્લયજુર્વેદઃ ॥

(પસંદગીના મન્ત્રો)

(પ્રસ્તાવના, મૂળ મન્ત્રો, અનુવાદ અને અભ્યાસનોંધ)

સમ્પાદક

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

સંસ્કૃત વિભાગ, ભાષા સાહિત્યભવન,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

1995

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Śukla-Yajurvedaḥ

Selected Mantras, Text, Translation and Notes

by Dr. V. M. Bhatt, Ahmedabad.

© સમ્પાદક

કિંમત : રૂ. 12–00

પ્રથમાવૃત્તિ, ઓગસ્ટ, 1995

પ્રકાશક : શ્રી અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ-1
ફોન : 5356692

મુદ્રક : પારિજાત પ્રિન્ટરી
288/1, રાણીપ,
અમદાવાદ-382480

Vasant Bhatt Collection, Gujarat

. CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુક્રમણિકા

	પૃષ્ઠાંક
(1) પ્રસ્તાવના	4 થી 10
(2) શુક્લ યજુર્વેદ (માધ્યન્દિન સંહિતા)	
(1) दशमोऽध्यायः (10.1 to 04) - રાષ્ટ્રસૂક્ત	11 થી 17
(2) षोडशोऽध्यायः (16.1 to 16) - રુદ્રસૂક્ત	17 થી 25
(3) एकत्रिंशोऽध्यायः (31.17 to 16) - ઉત્તરનારાયણ	25 થી 28
(4) चतुस्त्रिंशोऽध्यायः (16.1 to 16) - શિવસંકલ્પસૂક્ત	28 થી 32

अस्मदीयम्

ગુજરાત યુનિવર્સિટીએ આ વર્ષે એમ. એ. (સંસ્કૃત)ના અભ્યાસક્રમમાં 'ઋગ્વેદ'ના અભ્યાસની સાથે સાથે 'યજુર્વેદ'નો પણ અમુક અંશ અભ્યાસક્રમમાં નિયત કર્યો છે, જે આનંદનો વિષય છે. અહીં રાષ્ટ્રસૂક્ત, રુદ્રસૂક્ત, ઉત્તર નારાયણ અને શિવસંકલ્પસૂક્તના મન્ત્રોનો સસ્વર પાઠ આપવાની સાથે તેમનો અનુવાદ અને તેની ઉપર અભ્યાસનોંધ પણ આપવામાં આવી છે. આ અભ્યાસનોંધ, યજુર્વેદના બે પ્રમુખ ભાષ્યકાર 1. ઉવટ અને 2. મહીધરના ભાષ્યને આધારે જ આપવામાં આવી છે. તદુપરાંત, પ્રાસંગિક રીતે શ્રી ભગવદાચાર્યના ભાષ્ય અને પ્રોફે. ગ્રીફીથના અનુવાદ અને નોંધોનો પણ સમાવેશ કર્યો છે. આશા છે કે અધ્યાપકમિત્રો અને વિદ્યાર્થીસમૂહને તે ઉપયોગી પૂરવાર થશે. આ ઉપરાંત, ઋગ્વેદ (૧૦મા મંડળ)ના જે ૨૬ સૂક્તો અભ્યાસક્રમમાં નિયત કરાયેલાં છે તેનો અભ્યાસનોંધ સાથેનો અનુવાદ પણ ટૂંકમાં જ પ્રકાશિત થશે.

— વસન્તકુમાર મ. ભટ્ટ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તાવના

યજુર્વેદ સંહિતાનો પરિચય

યજ્ઞક્રિયા દરમ્યાન ચારેય વેદોના જુદા જુદા જાણકાર બ્રાહ્મણો એકઠા મળે છે. તેમાંથી જે બ્રાહ્મણ ઋગ્વેદનો જ્ઞાતા હોય તેને 'હોતા' કહેવામાં આવતો હતો, સામવેદનો જે જ્ઞાતા હોય તેને ઉદ્‌ગાતા કહેવામાં આવતો હતો, યજુર્વેદનો જે જ્ઞાતા હોય તેને 'અધ્વર્યુ' કહેવાય છે અને અથર્વવેદના જાણકાર બ્રાહ્મણને 'બ્રહ્મા કહેવાય છે. આ ચારેય બ્રાહ્મણો યજ્ઞવેદીની ચારેય તરફ જુદી જુદી દિશામાં આસન ગ્રહણ કરે છે. આ દૃષ્ટિએ યજુર્વેદને 'અધ્વર્યુઓનો વેદ' પણ કહેવામાં આવ્યો છે.

'યજુસ'નું સ્વરૂપ :

જેમ ઋગ્વેદની ઋચા = મંત્રોને 'ઋક્' કહેવામાં આવે છે, તેમ યજુર્વેદના મન્ત્રોને 'યજુસ્' કહેવામાં આવે છે. વળી, ઋગ્વેદની ઋક્ = ઋચાઓ પદ્યાત્મક-છંદોબદ્ધ–છે; પણ યજુર્વેદના યજૂસો ગદ્યાત્મક = અનિયતાક્ષર છે.[૧]. यजति यजते वा अनेनेति यजुस्. એવી વ્યુત્પત્તિ અનુસાર 'યજુસ્'નો અર્થ પૂજાનું સાધન કે 'યજ્ઞ' પોતે એવો પણ થાય છે.

યજુર્વેદ સંહિતાના બે સ્વરૂપોની ઉત્પત્તિ :

યજુર્વેદની સંહિતા બે સ્વરૂપે પરંપરામાં જળવાઈ છે. જેમકે, (૧) શુક્લ યજુર્વેદ અને (૨) કૃષ્ણ યજુર્વેદ. શુક્લ યજુર્વેદમાં યજ્ઞસંબંધી કેવળ મન્ત્રોનો જ સંગ્રહ કરવામાં આવ્યો છે; તથા કૃષ્ણ યજુર્વેદમાં મન્ત્રોની સાથે સાથે, તે મન્ત્રોનો વિનિયોગ પણ દર્શાવ્યો છે. પરંતુ એક જ વેદનાં આ બે સ્વરૂપો કેવી રીતે ઊભાં થયાં છે ? એ વિષે અનેક કથાઓ સાંભળવા મળે છે : –

(ક) વૈશમ્પાયન ગુરુ પાસેથી યાજ્ઞવલ્કય ઋષિએ સઘળી વેદવિદ્યાનું જ્ઞાન મેળવ્યું. ત્યાર પછી કોઈક કારણથી વૈશમ્પાયન અપ્રસન્ન થઈ ગયા. તેમણે યાજ્ઞવલ્કયને બધી વેદવિદ્યા પાછી આપી દેવા આજ્ઞા કરી ! પરિણામે યાજ્ઞવલ્કયે તે વિદ્યાઓનું વમન કરી કાઢ્યું. ત્યારે વૈશમ્પાયનના અન્ય શિષ્યોએ તેનો પુનઃસંગ્રહ કરી લીધો. આ વાન્ત યજુર્વેદ, કે જેને પાછળથી/ફરીથી સંગૃહીત કરી લેવામાં આવ્યો તેને 'કૃષ્ણ યજુર્વેદ' એવું નામ આપવામાં આવ્યું. ત્યાર પછી યાજ્ઞવાલ્કયે પોતે જ સૂર્યની ઉપાસના કરીને તેમની પાસેથી યજુર્વેદનો ઉપદેશ મેળવ્યો. આ સૂર્ય પાસેથી મળેલી યજુર્વેદની સંહિતાને 'શુક્લ યજુર્વેદ' એનું નામ મળ્યું !

(ખ) કેટલાક વિદ્વાનોના મતે શુક્લ યજુર્વેદમાં કેવળ શુદ્ધ મન્ત્રોનો જ સંગ્રહ છે તેથી તેને 'શુક્લ' કહેવાયો હશે; તથા 'કૃષ્ણ યજુર્વેદ'માં જેમાં તે તે મન્ત્રોનો જુદા જુદા યજ્ઞમાં કેવી રીતે વિનિયોગ કરવો ? તે પણ બતાવ્યું છે. આવો બ્રાહ્મણ ભાગ પણ મિશ્રિત કરવામાં આવ્યો હોઈને તેને 'કૃષ્ણ' કહેવાયો હશે. (મોનીયર વીલીયમે આ મુદ્દાને સ્વીકાર્યો છે.)

(ગ) બીજા કેટલાક વિદ્વાનો માને છે કે વેદવ્યાસે ચારેય વેદોની સંહિતાનું સંપાદન કાર્ય કર્યું છે. આ વેદવ્યાસનું નામ 'કૃષ્ણ દ્વૈપાયન' હતું. તેમની જે શિષ્ય-પરંપરામાં

૧. अनियताक्षरावसानो यजुः । એવું યજુસ્નું લક્ષણ પણ આપવામાં આવ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

યજુર્વેદની જે સંહિતા જળવાઈ રહી તેને 'કૃષ્ણ યજુર્વેદ' કહે છે. આ સિવાયની જે પરંપરામાં યજુર્વેદ સંહિતા સચવાઈ તેને 'શુક્લ યજુર્વેદ' કહે છે.

(ઘ) વેદગ્રંથોને સંહિતા, બ્રાહ્મણ અને આરણ્યક—એવા ત્રણ ભાગમાં વિભક્ત કરવામાં આવ્યા હોય છે. પરંતુ સારસ્વતની પાઠપરંપરામાં આવી વ્યવસ્થા ન જળવાઈ; અને યજુર્વેદના સંહિતાભાગમાં બ્રાહ્મણ, આરણ્યક ભાગોના અંશો પણ ભળી ગયા, આથી તેને 'કૃષ્ણ યજુર્વેદ' કહેવાયો. બીજી તરફ એક આર્ષેય પરંપરા હતી, જેમાં સંહિતા ભાગ શુદ્ધ સ્વરૂપે ટકી રહ્યો હતો, તેને 'શુક્લ યજુર્વેદ' કહેવાયો.

યજુર્વેદનું સંગ્રથન :

પ્રોફે. મેક્ડોનલ લખે છે કે – ''યજુર્વેદ અને સામવેદ એ બેમાં મળતાપણું એટલું છે કે બેઉ સંગ્રહો યજ્ઞની વિધિઓ વખતે વાપરવાને માટે તૈયાર કરવામાં આવ્યા છે. પણ સામવેદમાં કર્મકાંડના એક જ ભાગ વિષેના, સોમયાગ વિષેના જ મંત્રો સંગૃહીત કરવામાં આવ્યા છે; ત્યારે યજુર્વેદમાં તો યજ્ઞના સઘળા વિધિઓ માટે મંત્રો મળી આવે છે.

(સામવેદની જેમ) યજુર્વેદ પણ ઋગ્વેદની સાથે સંબંધ ધરાવે છે. ઉદા. તરીકે- યજુર્વેદની વાજસનેયિસંહિતામાં ૧/૪ કરતાં થોડોક જ વધારે ભાગ ઋગ્વેદમાંથી લેવામાં આવ્યો છે. આ સંહિતાનો જે અર્ધો ભાગ ઋચાઓનો બનેલો છે, તેમાંની – લગભગ ૭૦૦ ઉપરાંત—ઋચાઓ ઋગ્વેદમાંથી લેવામાં આવી છે. બાકીનો અર્ધો ભાગ ગદ્યમાં રચાયેલા મંત્રો (યજુસ્)નો બનેલો છે. આ પાછળનો (ગદ્ય) ભાગ; અને જે (પદ્યાત્મક) મંત્રો ઋગ્વેદમાંથી નથી લેવાયા તે મંત્રો—એટલું યજુર્વેદના રચનારાઓની સ્વતંત્ર કૃતિ તરીકે ગણી શકાય એમ છે.

કાલક્રમે યજુર્વેદના સમયમાં જે નવી વિધિઓની ઉત્ક્રાંતિ થઈ; અને નવા કર્મકાંડનો ખૂબ વિસ્તાર થયો એના પરિણામે આ નવીન રચનાઓ થવા પામી છે. આ વિધિઓમાં ઉપયોગી નીવડે એવા મન્ત્રો ઋગ્વેદમાંથી લીધા; અને બીજા કેટલાક નવા રચ્યા જણાય છે.

યજુર્વેદની શાખાઓ :

પ્રાચીન સાહિત્યમાં યજુર્વેદની અનેક શાખાઓના ઉલ્લેખો વાંચવા મળે છે : મુક્તિકોપનિષદ્માં તેની ૧૦૯; તથા સ્કન્દપુરાણ અને બ્રહ્માંડપુરાણમાં ૧૦૭ શાખાઓ ગણાવવામાં આવી છે. 'વ્યાકરણ-મહાભાષ્ય'ના પ્રણેતા પતંજલિ કહે છે કે, **एकशतमध्वर्यु शाखाः** યજુર્વેદની ૧૦૧ (અથવા ૧૦૦) શાખાઓ છે. શૌનકે 'ચરણવ્યૂહ'માં યજુર્વેદની ૮૬ (**षडशीतिर्भेदा भवन्ति**) શાખાઓ છે એમ કહ્યું છે. આ ૮૬ શાખાઓ કૃષ્ણ યજુર્વેદની છે. તથા ૧૫ શાખાઓ શુક્લ યજુર્વેદની છે. આમ, યજુર્વેદની ૧૦૧ શાખાઓ થઈ રહે છે.

પરંતુ વર્તમાન સમયમાં યજુર્વેદની માત્ર પાંચ શાખાઓ જ ઉપલબ્ધ છે :

(૧) કાઠક
(૨) મૈત્રાયણી
(૩) તૈત્તિરીય

} કૃષ્ણ યજુર્વેદની શાખાઓ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪) વાજસનેયિ અર્થાત્ માધ્યન્દિન
(૫) કાણ્વશાખા
} શુક્લ યજુર્વેદની શાખાઓ

શુક્લ યજુર્વેદ :

ઉપર કહ્યું છે તેમ યાજ્ઞવલ્ક્ય ઋષિને સૂર્ય પાસેથી શુક્લ યજુર્વેદનું જ્ઞાન મળ્યું હતું. સૂર્યપ્રકાશથી આ જ્ઞાન મળ્યું હોઈને તેને શુક્લ કહેવામાં આવ્યું છે. વળી, યાજ્ઞવલ્ક્યને જે શુક્લ યજુર્વેદની સંહિતા મળી તેમાં બ્રાહ્મણ ભાગ સંમિશ્રિત નહોતો થયેલો; આથી પણ તેને 'શુક્લ' કહેલ છે.

શુક્લ યજુર્વેદની ૧. વાજસનેયિ શાખા અને ૨. કાણ્વ શાખામાંથી પહેલી વાજસનેયિ શાખાનો પ્રચાર વધુ થયો છે. આ વાજસનેયિ શાખાને જ 'માધ્યન્દિન શાખા' પણ કહે છે. એક પૌરાણિક કથા અનુસાર અશ્વ (વાજિન્)નું રૂપ ધારણ કરનાર યાજ્ઞવલ્ક્ય ઋષિને, સૂર્ય ભગવાને દિવસના મધ્યભાગે યજુર્વેદનો ઉપદેશ કર્યો હતો; તેથી તેનું નામ 'વાજસનેયિ' અથવા 'માધ્યન્દિન' શાખા પડ્યું છે.

આ બંને—વાજસનેયિ અને કાણ્વ-શાખાઓમાં જે વિભાગીકરણ કરવામાં આવ્યું છે; તથા જે વિષયવસ્તુ છે તે લગભગ એકસરખું છે. આ બંને શાખામાં યજ્ઞો, વિધિ-વિધાન અને અનુષ્ઠાનોનું લગભગ એક જ પ્રકારનું વર્ણન કરવામાં આવ્યું છે, તથા અનુક્રમ, પાઠ (text) અને નિયમોનું ઘણું સામ્ય છે.

વાસજનેયિ સંહિતામાં ૪૦ અધ્યાય છે, જે ૩૦૩ અનુવાકોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. ચરણવ્યૂહ મુજબ આ સંહિતામાં ૧૮૦૦ મંત્ર હતા, પરંતુ વર્તમાન સમયમાં જે વાજસનેયિ સંહિતા મળે છે તેમાં ૧૯૭૫ મંત્રો સંગૃહીત થયેલા છે. યજુર્વેદના આ મન્ત્રોને 'કંડિકા' કહેવામાં આવે છે. આ બધી કંડિકાઓમાં ૨૯,૬૫૨ શબ્દો છે અને ૮૮,૮૭૫ અક્ષરો છે. આ વાજસનેયિ શાખા ઉપર ઉવ્વટ અને મહીધરનું ભાષ્ય મળે છે.

જ્યારે કાણ્વ સંહિતામાં, ખિલ મંત્રો સહિત, ૨,૦૮૬ મંત્રો છે. વાજસનેયિ શાખાની અપેક્ષાએ કાણ્વશાખાનો પ્રચાર ઓછો થયો હોય એમ જણાય છે. તથા આ કાણ્વ શાખાની સંહિતા ઉપર સાયણાચાર્યે ભાષ્ય લખ્યું છે.

કૃષ્ણ યજુર્વેદ :

અગાઉ કહ્યું છે તેમ શુક્લ યજુર્વેદમાં તો કેવળ મંત્રો જ આવેલા છે, પણ કૃષ્ણ યજુર્વેદમાં યજ્ઞાદિનું વર્ણન કરતો બ્રાહ્મણ ભાગ પણ સમ્મિલિત કરવામાં આવ્યો છે. વળી, તેમાં તે મંત્રોનો કયા યજ્ઞમાં વિનિયોગ કરવાનો છે તે પણ બતાવ્યું છે. આ કૃષ્ણ યજુર્વેદની હાલમાં ત્રણ શાખાઓ ઉપલબ્ધ થાય છે : (૧) તૈત્તિરીય, (૨) મૈત્રાયણી અને (૩) કઠ શાખા. આ ત્રણેયમાંથી તૈત્તિરીય શાખાનો પ્રચાર વધારે થવા પામ્યો છે.

(૧) તૈત્તિરીય શાખાની સંહિતાનો ઉપદેશ તિત્તિર નામના ઋષિએ કર્યો હતો. આથી તેનું નામ 'તૈત્તિરીય શાખા પડ્યું છે.' આ સંદર્ભમાં એક પૌરાણિક કથા સાંભળવા મળે છે : વૈશમ્પાયન ઋષિએ પોતાના શિષ્ય યાજ્ઞવલ્ક્ય ઉપર ગુસ્સે થઈને, પોતે આપેલી વેદવિદ્યાનું જ્ઞાન પાછું માંગી લીધું. ત્યારે યાજ્ઞવલ્ક્યે તે યજુર્વેદનું વમન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરી નાંખ્યું. આ સમયે વૈશમ્પાયનના બીજા શિષ્યોએ તેતર (તિત્તિર પક્ષી)નું રૂપ લઈને, તે વાન્ત યજુર્વેદને ચણી લીધો. આથી યજુર્વેદની આ સંહિતાને તૈત્તિરીય શાખાની સંહિતા કહેવામાં આવે છે.

આ તૈત્તિરીય શાખામાં યજુર્વેદને સાત કાંડોવાળા ૪ અધ્યાયોમાં વિભક્ત કરવામાં આવ્યો છે. આ ચાર અધ્યાયને ૬૫૧ અનુવાકો અને ૨,૧૬૮ મંત્રોમાં વહેંચી કાઢવામાં આવ્યો છે. અહીં પણ મંત્રોને 'કંડિકા' કહેવામાં આવેલ છે. તૈત્તિરીય સંહિતાના સાત કાંડમાંથી પહેલા છ કાંડને અનુક્રમે 'પ્રાજાપત્ય, સૌમ્ય આગ્નેય, વૈશ્વદેવ, સ્વાયમ્ભુવ અને આરુણ'' એવાં છ નામ આપવામાં આવ્યાં છે.

આ તૈત્તિરીય સંહિતામાં ઘણા મંત્રો એવા છે કે જે ઋગ્વેદમાંથી લેવામાં આવ્યા છે. તેથી તેનું વિષયવસ્તુ ઋગ્વેદ સાથે ઘણું મળતું આવે છે. તૈત્તિરીય સંહિતામાં પણ લગભગ ઋગ્વેદના જેવા ૩૩ દેવતાઓ છે. પરન્તુ અહીં, હવે ઇન્દ્રનો મહિમા નથી, પણ રુદ્રદેવતાનો મહિમા ખૂબ વધ્યો છે એવું જોવા મળે છે. આ સંહિતામાં અશ્વમેધ યજ્ઞનું વર્ણન ઘણા વિસ્તારથી કરવામાં આવ્યું છે. અહીં અનેક પૌરાણિક કથાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તથા મહાભારતની કૌરવો-પાંડવોની કથાનો ઉલ્લેખ પણ આ સંહિતામાં થયો છે. સાયણાચાર્યે આ તૈત્તિરીય સંહિતા ઉપર ભાષ્ય લખ્યું છે તથા બાલકૃષ્ણ દીક્ષિત અને ભાસ્કર ભટ્ટે પણ તેની ઉપર ભાષ્ય રચ્યું છે.

(૨) મૈત્રાયણી શાખામાં ચાર કાંડ છે; તેને ૫૪ પ્રપાઠકોમાં વહેંચવામાં આવ્યા છે. પહેલા કાંડમાં ૧૧, બીજામાં ૧૩, ત્રીજામાં ૧૬ અને ચોથા કાંડમાં ૧૪ પ્રપાઠક છે. આ સંહિતાના કુલ ૩૧૪૪ મંત્રો છે; તેમાંના કુલ ૧,૭૦૧ જેટલા મંત્રો તો ઋગ્વેદમાંથી જ લેવામાં આવ્યા છે.

મૈત્રાયણી સંહિતાના સાત ભેદો જોવા મળે છે. જેમકે—માનવ, દુન્દુભ, ચૈકેય, વારાહ, હારિદ્રવીય, શ્યામ અને શ્યામાયનીય. આમાંથી જે માનવશાખા છે. તેમાંથી 'માનવધર્મસૂત્ર' તૈયાર થયું અને તેને આધારે 'મનુસ્મૃતિ'ની રચના થઈ છે એમ મનાય છે.

મૈત્રાયણી સંહિતાનું પહેલું પ્રકાશન જર્મન વિદ્વાન શ્રોયેદરે (ઈ. સ. ૧૮૮૧-૧૮૮૬માં) કર્યું હતું. આ સંહિતામાં અનેક યજ્ઞો જેવા કે—દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, વાજપેય, અશ્વમેધ, રાજસૂય, સૌત્રામણિ યજ્ઞાદિનું વિસ્તૃત વર્ણન છે.

(૩) કઠ શાખાની કૃષ્ણ યજુર્વેદ સંહિતામાં પાંચ ખંડ આવેલા છે. આ પાંચ ખંડોને ૧૮ ભાગોમાં વહેંચી કાઢવામાં આવ્યા છે. આ ભાગોને 'સ્થાનક' નામ આપવામાં આવ્યું છે. આ સ્થાનકો વળી 'અનુવાક' નામના પેટા ભાગમાં વહેંચાયેલ છે. આવા કુલ ૮૪૩ અનુવાકો છે; જેમાં કુલ ૩,૦૯૧ મંત્રો સંગૃહીત છે. આ શાખાનો કાશ્મીરમાં વધારે પ્રચાર છે. અન્ય શાખાની જેમ અહીં પણ વિવિધ યજ્ઞોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. સૌથી છેલ્લે અશ્વમેધ યજ્ઞનું વર્ણન જોવા મળે છે.

* * *

આ ઉપરાંત કૃષ્ણયજુર્વેદની ૪. કાપિષ્ઠલ કઠ શાખા અને ૫. શ્વેતાશ્વતર શાખાના પણ નિર્દેશ મળે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

યજુર્વેદનો વર્ણ્ય વિષય :

યજુર્વેદની પાંચેય શાખાઓમાંથી શુક્લ યજુર્વેદની વાજસનેયિ શાખાનો જ સૌથી વધારે પ્રચાર થયો છે. તેથી, આપણે તે શાખાની સંહિતાને ધ્યાનમાં રાખીને યજુર્વેદનો વર્ણ્ય-વિષય તપાસીશું. વાજસનેયિ સંહિતાના ૪૦ અધ્યાયના બે ભાગ પડી શકે એમ છે. જેમકે, ૧ થી ૧૮ અધ્યાયોનો પહેલો ભાગ અને ૧૯ થી ૪૦ અધ્યાયોનો બીજો ભાગ. અહીં, પહેલા ભાગમાં અનેક યજ્ઞોનું વર્ણન કરવામાં આવ્યું છે, તથા બીજા ભાગમાં જુદા જુદા વિષયોનું (અને અમુક યજ્ઞોનું) વર્ણન છે. કેટલાક આધુનિક વિદ્વાનોના મતે આ બીજા ભાગના કેટલાક અધ્યાયો પાછળના કાળમાં રચાયા હશે.

જો કે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ યજુર્વેદની કર્મકાંડીય વિચારણાની ઉપેક્ષા કરી છે. તેમના મતે યજુર્વેદમાં મુખ્યત્વે રાજકીય કર્તવ્ય, રાજ્યશાસન, રાષ્ટ્રવિજય, રાજ્યાભિષેક, યુદ્ધ વગેરેનું વર્ણન છે. અને આ દૃષ્ટિકોણથી ધનુર્વેદ, કે જેને યજુર્વેદનો જ ઉપવેદ ગણવામાં આવ્યો છે તેની સંગતિ થઈને ઊભી રહે છે. બીજી તરફ, સાયણ, ઉવ્વટ અને મહીધરનાં યજુર્વેદ ઉપરના ભાષ્યોમાં યજુર્વેદના મંત્રોની વ્યાખ્યા યજ્ઞ અને કર્મકાંડપરક કરવામાં આવી છે. તદનુસાર યજુર્વેદનો વર્ણ્ય-વિષય આ પ્રમાણે છે :

યજુર્વેદના પહેલા અધ્યાયમાં - દર્શપૂર્ણમાસનું વર્ણન છે.

બીજા અધ્યાયમાં - પિતૃ પિણ્ડયજ્ઞાદિનું વર્ણન છે.

ત્રીજામાં - અગ્નિહોમ, ઈશ્વરોપાસના અને ચાતુર્માસ્ય યજ્ઞમાં ઉપયુક્ત એવા મંત્રો છે.

ચારથી આઠ અધ્યાયમાં - અગ્નિહોમ, ઈશ્વરોપાસના ઉપરાંત જુદાં જુદાં વ્રતો, વિવાહ, ગૃહસ્થ, સોમયાગાદિનું વર્ણન છે.

નવમામાં - વાજપેય અને રાજસૂય યજ્ઞનું વર્ણન

દશમામાં - સૌત્રામણિ યજ્ઞનું વિધાન છે.

અગિયારમાંથી અઢારમામાં - અગ્નિચયન ક્રિયાનું વર્ણન છે. તદન્તર્ગત ઉખાભરણ, ચિતિય, શતરુદ્રિય, વસોર્ધારા વગેરેના મંત્રો આવેલા છે.

[સોળમા અધ્યાયને 'રુદ્રાષ્ટાધ્યાયી'ના પાંચમા (नमस्ते रुद्र मन्यव०) અધ્યાય તરીકે લેવામાં આવ્યો છે. જેને 'શતરુદ્રિય' પણ કહેવામાં આવેલ છે.]

૧૯ થી ૨૧ અધ્યાયોમાં અનેક પ્રકીર્ણ વિષયો છે. જેમકે, ૧૯મા અધ્યાયમાં સોમરસને બનાવવાની વિધિ મુખ્ય છે. ૨૨ થી ૨૫ અધ્યાયોમાં અશ્વમેધ યજ્ઞનું વિસ્તારથી વિધાન છે. ૨૬ થી ૨૯ અધ્યાયોના મંત્રોને 'ખિલમંત્ર' કહેવામાં આવ્યા છે, જેમાં યજ્ઞ સંબંધી વિવિધ વિધાનો છે. ૩૦મા અધ્યાયમાં પુરુષમેધ યજ્ઞનું વર્ણન છે. ૩૧મા અધ્યાયમાં પુરુષસૂક્ત ના મંત્રો છે. (જે અગાઉ જણાવ્યું છે તે મુજબ આ સૂક્તના પહેલા સોળ મંત્રો ઋગ્વેદમાંથી જ, થોડોક ક્રમ બદલીને, સ્વીકાર્યો છે, તથા બાકીના મંત્રો નવા છે.) ૩૨ અને ૩૩ અધ્યાયોમાં સર્વમેધ યજ્ઞનું વર્ણન છે. ૩૪મો અધ્યાય तन्मे मनः शिवसङ्कल्पमस्तु । ના છ મંત્રોથી શરૂ થાય છે. ૩૫મા અધ્યાયમાં પિતૃમેધ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

યજ્ઞનું વિધાન છે. ૩૬ થી ૩૯ અધ્યાયમાં જુદા જુદા યજ્ઞોનું વર્ણન છે. ૩૬મો અધ્યાય શાંતિ, સદ્‌ભાવના, દીર્ઘજીવન, અંભય વગેરેની પ્રાર્થનાઓથી ભરેલો છે. ૪૦મો અધ્યાય 'ઈશાવાસ્યોપનિષદ્' તરીકે સુપ્રસિદ્ધ છે. (૪૦મો અધ્યાય સંહિતાનો જ ભાગ હોવા છતાંય ઉપનિષદ્ તરીકે પ્રચલિત થયો છે.)

* * *

પ્રોફે, મેક્‌ડોનલ જણાવે છે કે યજુર્વેદનો ધર્મ અને ઋગ્વેદનો ધર્મ એ બેમાં ઝાઝો ફેર આપણા જોવામાં આવતો નથી, કારણ કે બેઉ વેદોનું દેવતામંડળ હજી એક જ છે. પણ વધારે વિગતમાં ઊતરીએ તો કેટલાક અગત્યના ફેરફાર પણ જોવા મળે છે. જેમ કે, પ્રજાપતિનું સ્વરૂપ ઋગ્વેદનાં છેલ્લામાં છેલ્લા સૂક્તો દ્વારા ઝાંખું ઝાંખું આપણા જોવામાં આવતું હતું, પણ આ વેદમાં મુખ્ય દેવ તરીકે પ્રજાપતિ એ વધારે ને વધારે આગળ પડતો આપણા જોવામાં આવે છે.

ઋગ્વેદના રુદ્ર (ભયોત્પાદક) દેવતા તે હવે, યજુર્વેદમાં 'શિવ' (કલ્યાણકારી) તરીકે ઉપસ્થિત થાય છે, કારણ કે અનેક વાર તે રુદ્રને માટે 'શિવ' વિશેષણ હવે શરૂ કરવામાં આવ્યું છે. વળી, આ દેવતાને માટે 'શંકર' અને 'મહાદેવ' જેવા વિશેષણો પણ હવે વપરાવા લાગ્યાં છે. બીજી તરફ, વિષ્ણુની પદવી ઋગ્વેદના સમયમાં હતી તેના કરતાં હવે કંઈક ચઢિયાતી થયેલી જોવામાં આવે છે. વળી, હવે યજ્ઞની સાથે તે વિષ્ણુની એકતા પણ વારંવાર સ્થાપિત કરવામાં આવી રહી છે. એ જ પ્રમાણે, હવે અસુર શબ્દ દેવતા માટે નહીં, પણ માત્ર દૈત્યોને માટે જ વપરાય છે.

ઋગ્વેદના વિષયવસ્તુ કરતાં યજુર્વેદમાં બીજો અગત્યનો એક ફેરફાર એ થયો છે કે દેવદાનવોની લડાઈ વિષે અહીં યજુર્વેદમાં ઘણે ઠેકાણે ઉલ્લેખો થયા છે. તથા, સ્ત્રીસૌંદર્યની સઘળી મોહક સામગ્રીથી સંપન્ન એવી જે અપ્સરાઓ વિષે પુરાણગ્રંથોમાં ઘણા ઉલ્લેખો છે, તેના વિષે ઋગ્વેદમાં તો ક્વચિત્ જ નિર્દેશ જોવા મળે છે. પરંતુ યજુર્વેદમાં તે અપ્સરાઓ વિષે હવે થોડાક વધારે ઉલ્લેખો મળવા માંડ્યા છે; અને તેમાંની કેટલીક અપ્સરાઓને તો યજુર્વેદમાં સ્વતંત્ર નામો પણ મળી ચૂક્યાં છે એવું જોવા મળે છે.

વળી, ઋગ્વેદના સમયમાં દેવતાઓ એ જ ભક્તિનો/સ્તુતિનો વિષય ગણાતા હતા, કારણ કે માનવલોકોને સુખની સામગ્રીઓ પૂરી પાડવાની શક્તિ તેઓમાં જ છે એવું માનવામાં આવતું હતું, અને યજ્ઞ તે માત્ર દેવતાઓને પ્રસન્ન કરવાના એક સાધન તરીકે જ ઉપયોગનો હતો. એથી ઊલટું, યજુર્વેદમાં યજ્ઞ તે જ સઘળા વિચારો અને સઘળી ઇચ્છાઓનું મુખ્ય બિંદુ થઈ ગયો છે. પરિણામે, કોઈપણ યજ્ઞની વિધિ સર્વાંગે પરિપૂર્ણ રીતે કરવામાં આવે તેની તરફ ધ્યાન રાખવામાં આવતું હતું. હવે, આવા યજ્ઞનનું સામર્થ્ય એટલું બધું માનવામાં આવે છે કે દેવતાઓ તે યજ્ઞથી પ્રસન્ન થાય છે એટલું જ નહીં પણ, તે દેવતાઓ તો યજ્ઞ કરનારા બ્રાહ્મણોને પણ વશવર્તે છે ! આમ, ઋગ્વેદમાં દેવતાઓના સામર્થ્ય તરફ જે અહોભાવ, પૂજ્યભાવ હતો, અને એના પરિણામે તેમની ઋચાઓથી જે (વાચિક) સ્તુતિ કરવામાં આવતી હતી, તેને સ્થાને હવે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

યજુર્વેદમાં તો તે દેવતાઓની બધી સ્તુતિઓને—ઋગ્વેદની ઋચાઓને- કોઈક ને કોઈક યજ્ઞવિધિ સાથે સાંકળી દેવામાં આવી છે. ટૂંકમાં, યાજ્ઞિક ધર્મનો અહીં પૂર્ણ વિકાસ થયેલો જોવા મળે છે.

યજુર્વેદનું મહત્ત્વ :

વૈદિક સાહિત્યમાં યજુર્વેદનું પોતાનું આગવું મહત્ત્વ છે. તેનો અભ્યાસ કરવાથી તત્કાલિક ધાર્મિક અને સામાજિક ઉત્કર્ષનો ખ્યાલ આવી શકે છે. ઋગ્વેદકાલિક સંસ્કૃતિનું કેન્દ્ર સપ્તસિંધુનો પ્રદેશ હોય એમ જણાય છે; પણ યજુર્વેદના સમયમાં આર્યપ્રજા આગળ વધીને ઉત્તર ભારતના મધ્ય ભાગમાં પ્રવેશી લાગે છે, જે કુરુક્ષેત્રની ભૂમિ હશે; અને ત્યાં સરસ્વતી તથા દષદ્વતી નદીઓ વહેતી હશે. આ કુરુક્ષેત્રમાં વિકસેલી વૈદિક સંસ્કૃતિ જ પાછળથી સમગ્ર ભારતમાં ફેલાઈ છે. અને અહીંથી ગયેલા બ્રાહ્મણોએ જ યજુર્વેદનો ફેલાવો કર્યો છે.

યજુર્વેદના મંત્રોથી હિન્દુ સંસ્કૃતિના વિવિધ યજ્ઞો, ક્રિયાકાંડો, ધાર્મિક ભાવનાઓ, અને સાથે સાથે આધ્યાત્મિક વિચારધારાઓ પણ ઘડાઈ છે. તદુપરાંત, તે વેદમાંથી અનેક વિજ્ઞાનો, જેવાં કે- ગણિત, રેખાગણિત, વાસ્તુવિદ્યા, ચિકિત્સા, યુદ્ધ વિજ્ઞાન, જ્યોતિષ વગેરેનો ઉદ્‌ભવ અને વિકાસ થયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ શુક્લયજુર્વેદઃ ॥

દશમોઽધ્યાયઃ

ભૂમિકા : શુક્લ યજુર્વેદના નવમા અધ્યાયમાં વાજપેય રાજસૂય યજ્ઞ સંબંધી કેટલાંક કર્મોનું વિધાન કરવામાં આવ્યું છે. હવે આ દશમા અધ્યાયમાં રાજસૂય યજ્ઞના અવશિષ્ટ કર્મ રૂપે રાજાનો અભિષેક કરતી વખતે જે જલાભિષેક કરવાનો હોય છે તેને 'ચરક' અને 'સૌત્રમણિ' કહે છે; જેમાં ઉદુમ્બર વૃક્ષના પાત્રમાં જળનું ગ્રહણ કરવાનું હોય છે, તે સમયે જે મંત્રો બોલવાના હોય છે એની આ અધ્યાયમાં રજૂઆત કરવામાં આવી છે.

મન્ત્ર : (1) અપો દેવા મધુમતીરગૃભ્ણન્નૂર્જસ્વતી રાજસ્વઞ્ચિતાનાઃ ।
યાભિર્મિત્રાવરુણાવભ્યષિઞ્ચન્યાભિરિન્દ્રમનયન્નત્યરાતીઃ ॥ ૧ ॥

વરુણ ઋષિ, અપ્ (જળ) દેવતા, ત્રિષ્ટુપ્ છન્દ

અનુવાદ : ''દેવોએ મધુર સ્વાદવાળાં, અન્નવાળાં, રાજાઓને જન્માવતાં અને જ્ઞાન ફેલાવતાં એવા જળને ગ્રહણ કર્યાં છે (અગૃભ્ણન્). જે (જળ) વડે (દેવોએ) મિત્રાવરુણને અભિષિક્ત કર્યાં હતાં, તથા જે (જળ) વડે (દેવોએ) ઇન્દ્રને શત્રુઓનું અતિક્રમણ કરાવ્યું હતું.'' [તેવાં જળને હું - અધ્વર્યુ - ગ્રહણ કરું છું.] 10.1

અભ્યાસનોંધ : પહેલી પંક્તિમાં દેવાઃ અપઃ અગૃભ્ણન્ એ મુખ્ય વાક્ય છે. તથા અપઃનાં વિશેષણ તરીકે ૧. મધુમતીઃ ૨. ઊર્જસ્વતીઃ, ૩. રાજસ્વઃ અને ચિતાનાઃ । શબ્દો વપરાયા છે. વિશેષ્ય અપઃ શબ્દ સ્ત્રીલિંગમાં છે. આને સમજાવતાં ભાષ્યકાર ઉવટે અને મહીધરે નીચે પ્રમાણે નોંધ કરી છે : મધુમતીઃ (અપઃ) મધુસ્વાદોદકાઃ । ઊર્જસ્વતીઃ અન્નવતીઃ । રાજસ્વઃ = રાજાનં યાઃ સુવન્તિ જનયન્તિ તા રાજસ્વઃ । ચિતાનાઃ ચેતયમાનાઃ પરિદૃષ્ટકારિણ્યઃ । બીજી પંક્તિમાં (દેવાઃ) યાભિઃ (અદ્ભિઃ) ઇન્દ્રમ્ અનયત્ । એ મુખ્ય વાક્ય છે : 'દેવોએ જે જળ વડે ઇન્દ્રને પહોંચાડ્યો—લઈ ગયા. કેવી રીતે ? તો કહે છે — અત્યરાતીઃ । (ઉવટઃ) અતીત્ય અરાતીઃ અદનવતીઃ શત્રુસેનાઃ । અરાતિ અર્થાત્ ખાઈ જનારી શત્રુસેનાઓને અતિક્રમણ કરીને—કરાવીને (દેવો ઇન્દ્રને લઈ ગયા). આ સન્દર્ભમાં મહીધર કહે છે કે અત્યનયન્ અતીત્ય નીતવન્તઃ ઇન્દ્રં શત્રૂન્ અત્યક્રામયન્ । અહીં અનયત્ ક્રિયાપદની પૂર્વે અતિ ઉપસર્ગ હોવો જોઈએ, પણ છન્દસિ પરેઽપિ । પા. સૂ. ૧-૪-૮૧ અનુસાર વેદમાં ઉપસર્ગો ક્યારેક ક્રિયાપદની પાછળ પણ વપરાતાં જોવા મળે છે.

અધ્વર્યુ રાજસૂય યજ્ઞક્રિયાના આરંભે સરસ્વતી નદીનાં પવિત્ર જળનું પહેલાં ગ્રહણ કરે છે અને આ મન્ત્રો બોલે છે. આ મન્ત્રમાં કહ્યું છે તેમ ઇન્દ્રની પણ પૂર્વે મિત્ર અને વરુણ એ બે દેવો રાજાઓ હતાં; અને તેમનો રાજ્યાભિષેક પણ આ જળે જ કર્યો હતો.

સ્વામી શ્રી ભગવદાચાર્યે આ મન્ત્રનો આધુનિક દૃષ્ટિએ અર્થ કર્યો છે : દેવો અર્થાત્ દેશહિતનું ચિન્તન કરનારા સૈનિકોએ અપોભિઃ = કર્મો વડે ઇન્દ્રને અર્થાત્ રાષ્ટ્રપતિને શત્રુઓનું અતિક્રમણ કરાવ્યું. (૧) એ જ પ્રમાણે, મિત્રાવરુણ અર્થાત્ ઉષ્ણ અને શીત

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્વભાવના બે રાજકીય પક્ષોને દેવો-સૈનિકો પોતાના વિજયાદિ કર્મોથી અભિષિક્ત કરે છે અર્થાત્ પ્રસન્ન કરે છે. મિત્ર એટલે સૂર્ય અને વરુણ એટલે સમુદ્રનો-જળનો દેવતા એવો કોશગત અર્થ લઈને શ્રી ભગવદાચાર્યે ઉપર્યુક્ત અર્થ કર્યો છે.

(2) વૃષ્ણ ઊર્મિરસિ રાષ્ટ્રદા રાષ્ટ્રં મે દેહિ સ્વાહા વૃષ્ણ ઊર્મિરસિ રાષ્ટ્રદા રાષ્ટ્રમમુષ્મૈ દેહિ વૃષસેનોઽસિ રાષ્ટ્રદા રાષ્ટ્રં મે દેહિ સ્વાહા વૃષસેનોઽસિ રાષ્ટ્રદા રાષ્ટ્રમમુષ્મૈ દેહિ ॥ ૨ ॥

અનુવાદ : (હે જળની ધારા !) તું વર્ષણ કરનાર (પશુની કે પુરુષ)ની જળધારા (ઊર્મિઃ) છું. તું રાષ્ટ્ર (= જનપદ)ને આપનાર છું; તેથી (તું) મને રાષ્ટ્ર આપ. સ્વાહા (= આ તને આહુતિ સમર્પી.) - [હોમ મન્ત્ર]

તું વર્ષણ કરનારની જળધારા છું. તું રાષ્ટ્ર આપનાર છું, તો આ (યજમાન)ને રાષ્ટ્ર આપ. - [જલ ગ્રહણ મન્ત્ર.]

તું વૃષ(ભ) પ્રધાન સેનાવાળો છું અને રાષ્ટ્રને આપનાર છું; તો (તું) મને રાષ્ટ્ર આપ. સ્વાહા (= આ આહુતિ તને સમર્પિત) – [હોમ મન્ત્ર]

તું સિંચન કરનારી સેનાવાળો (= વૃષસેન) છું અને રાષ્ટ્ર આપનાર છું, તો આ (યજમાન)ને રાષ્ટ્ર આપ. - [જલ ગ્રહણ મન્ત્ર.] 10.2

અભ્યાસનોંધ : ભાષ્યકાર ઉવટ આ મન્ત્રનો પ્રયોગવિધિ સમજાવતાં કહે છે કે આ મન્ત્ર દ્વારા સરસ્વતી નદીનાં જળનું ગ્રહણ કરીને, ત્યાર પછી આહુતિ આપવામાં આવે છે. આવી રીતે (ચોથા મન્ત્રના વિશ્વભૃત સ્થ. સુધીની) સ્વાહા શબ્દથી અન્ત પામતી પંક્તિઓ દ્વારા હોમ કરવાનો છે. (તેથી તેમને 'હોમમન્ત્ર' કહે છે); અને એ પછીની પંક્તિઓ દ્વારા સોળ વખત જળ ગ્રહણ કરવાનાં છે. (આ ઉત્તરાર્ધની પંક્તિઓને 'ગ્રહણમન્ત્ર' કહે છે.) નદીના પ્રવાહમાં ઊભેલા પશુ કે પુરુષની પાસેથી જે બે જલધારાઓ પસાર થાય છે, તેને આ મન્ત્રની ઉત્તરાર્ધની બે પંક્તિઓ દ્વારા ગ્રહણ કરવાની છે.

અમુષ્મૈ રાષ્ટ્રં દેહિ - 'આને' રાષ્ટ્ર આપો. અહીં **અદસ્** એવા સર્વનામના **અમુષ્મૈ** (ચતુર્થી વિ. એકવચન)ને સ્થાને જે કોઈ યજમાન વ્યક્તિ હોય તેનું નામ ચતુર્થીમાં ઉચ્ચારવું એમ ભાષ્યકાર કહે છે.

વૃષા-નો અર્થ વૃષભ = વૃષ્ટિ કરનાર, સિંચન કરનાર થાય છે. તેનો એક અર્થ 'યુવાન' પણ થાય છે (ઉવટ). તથા **વૃષસેન** એ બહુવ્રીહિ સમાસ છે. ઉવટ મુજબ **વૃષપ્રધાના સેના યસ્ય સઃ વૃષસેનઃ** । અને મહીધર મુજબ **વૃષા સેચનસમર્થા સેના જલરાશિરૂપા યસ્ય સઃ વૃષસેનઃ** । એવો વિગ્રહ થાય છે.

ઉપર **રાષ્ટ્રદાઃ**નો અર્થ રાષ્ટ્રને આપનાર એવો કર્યો છે, પરંતુ ગ્રીફીથ giver of kingship : 'રાજત્વને આપનાર' એમ અર્થ કરે છે. નદીના જલપ્રવાહમાં ઊતર્યા પછી પુરુષ પશુની પાસે જે વીંચિતરંગ ઊઠે છે, તે પાણીને ભરી લેવાનું હોય છે. આમ તો આ મંત્ર બોલીને અધ્વર્યુ રાષ્ટ્રની માંગણી કરે છે (**રાષ્ટ્રં મે દેહિ**), પણ તે પોતાના

(૧) **યાભિશ્ચ યૈશ્ચ કર્મભિરિન્દ્રં રાષ્ટ્રપતિમરાતીઃ શત્રૂન્ અત્યનયન્ અત્યક્રામયન્ સૈનિકાઃ** । - **સ્વામિશ્રીભગવદાચાર્યપ્રણીતેન યજુઃ સંસ્કારભાષ્યેણ સહિતઃ શુક્લયજુર્વેદઃ** ॥, અમદાવાદ-૭, ૧૯૬૭, પૃ. ૮૮.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

યજમાનને માટે હોય છે.

શ્રી ભગવદાચાર્ય મુજબ આ મંત્રમાં શત્રુઓને જીતીને સ્વરાષ્ટ્રમાં પાછા આવેલા સૈનિકો અને સેનાપતિની પ્રશંસા કરવામાં આવી છે. હે સેનાપતિ ! वृष्णः = आनन्दस्य, ऊर्मिः उल्लासः तरङ्गोऽसि । તમે આનંદ તરંગ છો, અર્થાત્ તરંગના ઉત્પાદક છો. હે સૈનિકો ! તમે 'राष्ट्रदा' અર્થાત્ રાષ્ટ્રનું રક્ષણપૂર્વક રાષ્ટ્રનું દાન કરનારા છો. શત્રુઓના હાથમાંથી પાછું છોડાવી લીધેલું એવું સુરક્ષિત રાષ્ટ્ર તમે હવે રાષ્ટ્રપતિને સમર્પો. હે સેનાપતિ ! તમે વૃષસેન છો. वृषाः सन्तर्पिका हर्षप्रदाः सेना यस्य सः ।

(3) अर्येत॑ स्थ राष्ट्रदा राष्ट्रं मे॑ दत्त स्वाहाऽर्येत॑ स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै॑ दत्तौर्जस्वती स्थ राष्ट्रदा राष्ट्रं मे॑ दत्त स्वाहौर्जस्वती स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै॑ दत्तापः परिवाहिणी॑ स्थ राष्ट्रदा राष्ट्रं मे॑ दत्त स्वाहा ऽपः परिवाहिणी॑ स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै॑ दत्ता-पां पतिर॑सि राष्ट्रदा राष्ट्रं मे॑ देहि॒ स्वाहा॒ ऽपां पतिर॑सि राष्ट्रदा राष्ट्रममुष्मै॑ देहा॒पां गर्भो॑ऽसि राष्ट्रदा राष्ट्रं मे॑ देहि॒ स्वाहा॒ ऽपां गर्भो॑ऽसि राष्ट्रदा राष्ट्रममुष्मै॑ देहि॒ ॥ ३ ॥

અનુવાદ : (નદીપ્રવાહમાં વહી જતાં જળ!) તમે અર્થનું (કોઈક ને કોઈક પ્રયોજનનું) નિષ્પાદન કરવા માટે જનારા (=ગમન કરનારા જળ) રાષ્ટ્રને આપનારાં છો (થાવ છો) : (તમે) મને રાષ્ટ્ર આપો (दत्त = यच्छत). સ્વાહા. (=આ તમને આહુતિ સમર્પી.) તમે અર્થને ઉદ્દેશીને જનારાં છો અને રાષ્ટ્રને આપનાર છો, તો આ (યજમાન)ને (તમે) રાષ્ટ્ર આપો.

(હે જળ !) તમે ઓજસ્વી છો (ओजस् = બળથી પ્રવાહની દિશાથી વિરુદ્ધમાં જનારા છો); રાષ્ટ્રદા એવા (તમે) મને રાષ્ટ્ર આપો. સ્વાહા. તમે ઓજસ્વી અને રાષ્ટ્રદા છો, તો આ (યજમાન)ને રાષ્ટ્ર સમર્પો.

હે જળ ! તમે ચારે તરફથી વહનશીલ (परिवाहिणीः) છો અને રાષ્ટ્રદા છો; તો મને રાષ્ટ્ર આપો. સ્વાહા, હે જળ ! તમે પરિવાહી અને રાષ્ટ્રદા છો. તમે આ (યજમાન)ને રાષ્ટ્ર સમર્પો.

(હે સમુદ્રના જળ !) તમે જળના પતિ છો, અને રાષ્ટ્રદા છો. (તમે) મને રાષ્ટ્ર આપો. સ્વાહા. તમે જળના પતિ છો (નદીપંતિ સમુદ્ર છો) તથા રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને રાષ્ટ્ર આપો.

(ધસમસતાં પૂરમાં) તમે જળના ગર્ભ (રૂપ) છો (અર્થાત્ ઘુમરી લેતાં જળ છો) અને રાષ્ટ્રદા છો. તો મને રાષ્ટ્ર આપો. સ્વાહા. તમે જળનાં ગર્ભ (=મધ્યવર્તી, પ્રવાહની મધ્યે ભ્રમણ પામતાં જળ) છો, અને રાષ્ટ્રને આપનાર છો (= થાવ છો); તો (યજમાન)ને રાષ્ટ્ર આપો. 10.3

અભ્યાસનોંધ : આ મન્ત્રમાં પાંચ પ્રકારનાં જળનું ગ્રહણ કરવાની વાત છે (ગુજરાતીમાં 'જળ' શબ્દ નપુંસકલિંગમાં છે, પણ જળવાચક आपः શબ્દ સંસ્કૃતમાં સ્ત્રીલિંગમાં છે. તેથી આ મન્ત્રમાં જળનાં વિશેષણ તરીકે જે જે શબ્દો આવેલાં છે, દા. ત. ओजस्वतीः, परिवाहिणीः તે બધાં સ્ત્રીલિંગમાં છે. પણ અનુવાદમાં તેમને ગુજરાતી મુજબ લીધાં છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. **અર્વતઃ સ્થ । અર્થં પ્રયોજનં નિષ્પાદયિતું યાઃ (આપઃ) યન્તિ = ગચ્છન્તિ, તાઃ અર્વતઃ ।** (ઉવટ). (**અર્વ+ઇણ ગતૌ** ધાતુમાંથી **ઇત**). આને સમજાવતાં મહીધર કહે છે કે નદી વગેરેના પ્રવાહનાં જળનું (અધ્વર્યુ) ગ્રહણ કરે છે. અર્થને, કોઈક પ્રયોજનને અનુલક્ષીને નદી વગેરેમાંથી જે જળ યજ્ઞશાળા તરફ જાય છે તેને **અર્વતઃ** કહેવાય છે. આવાં જળ **રાષ્ટ્રદાઃ** (સ્ત્રીલિંગ બહુવચન) ''રાષ્ટ્રને આપનાર છે. (**હે આપઃ**) **રાષ્ટ્રં મે = મહ્યં, દત્ત = યચ્છત** (આજ્ઞાર્થ, મધ્યમ પુરુષ બહુવચન). 'હે જળ ! તમે મને રાષ્ટ્ર આપો. (આમ બોલ્યા પછી **સ્વાહા** શબ્દની સાથે હોમ કરવામાં આવે છે.) ત્યાર પછી ફરીવાર આ જળને સંબોધીને અધ્વર્યુ પ્રાર્થે છે કે હે રાષ્ટ્રદાઃ જળ ! તમે **અમુષ્મૈ = યજમાનાય** અમુક યજમાનને (રાજાને) રાષ્ટ્ર આપો.

૨. **ઓજસ્વતીઃ (આપઃ) ઓજસા બલેન યુક્તાઃ સત્યઃ એતાઃ પ્રતિલોમાઃ સ્યન્દન્તે ।** (ઉવટ). બળથી જે પ્રવાહ વિરુદ્ધ વહેતાં હોય છે, તે જળને ઓજસ્વતી કહે છે. મહીધર આને જુદી રીતે સમજાવે છે : મુખ્ય પ્રવાહની વચ્ચેથી અલગ પડીને, નવા માર્ગે આગળ વધ્યા પછી ફરીથી મુખ્ય પ્રવાહમાં ભળી જનાર જળને **અપયતીઃ ઓજસ્વતીઃ** કહે છે. (મન્ત્રના બીજા શબ્દો-વાક્યો પૂર્વવત સમજવાં.) ૩. **પરિવાહિણીઃ (આપઃ)** - ચારે તરફ વહેવાના સ્વભાવવાળાં જળ. ૪. **અપાંપતિઃ** અર્થાત્ **નદીપતિઃ** - નદીઓનાં જળનો પતિ (અર્થાત્ સમુદ્ર) ૫. **અપાં ગર્ભોઽસિ ।** 'જળનાં તમે ગર્ભ છો.' આને સમજાવતાં મહીધર કહે છે કે (ધસમસતાં પૂરનાં) પાણી જ્યારે ઘુમરી લે છે ત્યારે તેને **નિવેષ્ય** કહે છે. 'અમ્ભોભ્રમ'ને 'નિવેષ્ય' કહે છે, 'આવર્ત' કહે છે. આને 'જળના ગર્ભ' કહ્યાં છે. (મન્ત્રના બીજા શબ્દોનો અર્થ પૂર્વવત્ સમજી લેવો.)

ગ્રીફીથ સ્પષ્ટતા ઉમેરતાં કહે છે કે સરસ્વતીનો જળમાં બીજા જળને મિશ્રિત કરવામાં આવે છે. જેમ કે, આ મન્ત્રમાં તળાવડીનાં જળ, વ્હેળામાંથી (કિનાલમાંથી) પસાર થતાં, પ્રવાહની વિરુદ્ધ દિશામાં જતાં, ઉભરાઈ જતાં જળ અને ભમરી લેતાં જળનો ઉલ્લેખ છે.

શ્રી ભગવદાચાર્યે આનું વ્યાખ્યાન કરતાં જણાવ્યું છે કે **ઇણ્ ગતૌ** ધાતુ ઉપરથી ક્વિપ્ પ્રત્યય અને તુગાગમની વિધિ કરીને **ઇત** શબ્દ બનાવાયો છે. આવા ગત્યર્થક ધાતુઓને પ્રાપ્ત્યર્થક પણ માની શકાય. આથી મન્ત્રાર્થ આમ થશે : ''હે સૈનિકો ! તમે અર્થને- પ્રયોજનને– ઉદ્દેશીને તમે આવ્યા છો, તમે રાષ્ટ્રને આપનાર છો.'' અહીં **અપ્**નો જળ' અર્થ છોડી દઈને 'સેના' કે 'કર્મો' એવો અર્થ લીધો છે. **પરિવાહિણીઃ = પરિવાહિણ્યઃ** - (સેનાપતિના અનુશાસન હેઠળ) સેના ચારે તરફ ફરનારી હોય છે. **અપાં પતિઃ** અર્થાત્ સેનાપતિ અને **અપાં ગર્ભોઽસિ** એટલે તમે (સેનાપતિ) કર્મોના ગ્રાહક-સમ્પાદક છો.''

---

(૧) **અપ્** (વ્યંજનાન્ત સ્ત્રીલિંગ શબ્દ છે, જે નિત્યબહુવચનાન્ત છે.)
આપઃ (પ્રથમા), **અપઃ** (દ્વિતીયા), **અદ્ભિઃ** (તૃતીયા), **અદ્ભ્યઃ** (ચતુર્થી), **અદ્ભ્યઃ** (પંચમી), **અપામ્** (ષષ્ઠી), **અપ્સુ** (સપ્તમી).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(4) सूर्यत्वचस स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
सूर्यत्वचस स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
सूर्यवर्चस स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
सूर्यवर्चस स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
मान्दा स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
मान्दा स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
व्रजक्षित स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
व्रजक्षित स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
वाशा स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
वाशा स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
शविष्ठा स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
शविष्ठा स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
शक्वरी स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
शक्वरी स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
जनभृत स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
जनभृत स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त
विश्वभृत स्थ राष्ट्रदा राष्ट्रं मे दत्त स्वाहा
विश्वभृत स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्ता-
पः स्वराज स्थ राष्ट्रदा राष्ट्रममुष्मै दत्त ।
मधुमतीर्मधुमतीभिः पृच्यन्तां महि क्षत्रं
क्षत्रियाय वन्वाना अनाधृष्याः सीदत
सहौजसो महि क्षत्रं क्षत्रियाय दधतीः ॥ ४ ॥

અનુવાદ : (હે જળ !) તમે સૂર્યના જેવી ત્વચાવાળા છો, તમે રાષ્ટ્રને આપનારાં છો, તો (તમો) મને રાષ્ટ્ર આપો. સ્વાહા. (= આ આહુતિ તમને સમર્પી.) સૂર્યના જેવી ત્વચાવાળા તમે રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને (તમો) રાષ્ટ્ર સમર્પો.

(હે જળ !) તમે સૂર્યના જેવાં તેજવાળાં છો, તમે રાષ્ટ્રને આપનારાં છો. તો (તમો) મને રાષ્ટ્ર આપો. સ્વાહા. સૂર્યના જેવાં તેજવાળા તમે રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને (તમો) રાષ્ટ્ર સમર્પો.

(હે જળ !) તમે માદન કરાવનારાં (આનન્દ પમાડનારાં) છો, તમે રાષ્ટ્રને આપનાર છો. તો (તમો) મને રાષ્ટ્ર આપો. સ્વાહા. તમે આનન્દ પમાડનારા રાષ્ટ્રદા (જળ) છો, તો આ (યજમાન)ને (તમો) રાષ્ટ્ર સમર્પો.

(હે જળ !) વાદળમાં રહેનારાં તમે રાષ્ટ્રને આપનારાં છો, તો મને રાષ્ટ્ર આપો. સ્વાહા. વાદળમાં રહેનારાં તમે રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને (તમો) રાષ્ટ્ર સમર્પો.

(હે જળ !) જેમની અભિલાષા કરવામાં આવી છે તેવાં તમે રાષ્ટ્રને આપનારાં છો. તો મને રાષ્ટ્ર આપો. સ્વાહા. જેમની કામના કરવામાં આવી છે એવાં તમે રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને તમે રાષ્ટ્ર સમર્પો.

(હે મધુરૂપ જળ !) તમે શવિષ્ઠા અર્થાત્ બળવાળાં છો અને રાષ્ટ્રને આપનારાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છો. તો મને રાષ્ટ્ર આપો. સ્વાહા. બલિષ્ઠ એવાં તમો રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને રાષ્ટ્ર સમર્પો.

(હે દૂધ રૂપ જળ !) તમો શક્વરી (ગાયસંબંધી) છો. અને રાષ્ટ્રને આપનાર છો. તો મને રાષ્ટ્ર આપો. સ્વાહા. તમો શક્વરી (ગોસ્વરૂપ) છો, રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને રાષ્ટ્ર સમર્પો.

(હે જળ !) તમો લોકોને ધારણ કરનારાં છો અને રાષ્ટ્રને આપનાર છો. તો મને રાષ્ટ્ર આપો. સ્વાહા. તમો જનસમૂહને ધારણ કરનારાં છો, રાષ્ટ્રદા છો. તો આ (યજમાન)ને રાષ્ટ્ર સમર્પો.

(હે જળ !) તમે વિશ્વને ધારણ કરનારાં છો અને રાષ્ટ્રને આપનાર છો. તો મને રાષ્ટ્ર આપો. તમો વિશ્વને ધારણ કરનારાં છો, રાષ્ટ્રદા છો; તો આ (યજમાન)ને રાષ્ટ્ર સમર્પો.

હે જળ ! જેમનું પોતાનું જ રાજ્ય છે એવા તમે છો (= અનન્યાશ્રિત રાજ્યવાળાં છો) અને રાષ્ટ્રને આપનારાં છો આ (યજમાન)ને (તમો) રાષ્ટ્ર સમર્પો.

મધુર રસવાળાં જળો વડે મધુર રસવાળાઓનું સર્જન થાવ (મિશ્રિત થાવ); તમો મોટું ક્ષત્ર (= ક્ષાત્રબળ) ક્ષત્રિય (રાજા)ને આપનારા છો; તમે (રાક્ષસો વડે) ધર્ષણ નહીં પામેલાં તથા ઓજસ સહિતના (જળ) [મૈત્રાવરુણના ઘરમાં] બેસો છો. વળી, મોટું (ક્ષાત્ર) બળ ક્ષત્રિય (રાજા)ને માટે સ્થાપનારા છો. 10.4

અભ્યાસનોંધ : આ મન્ત્રમાં બીજા અગિયાર પ્રકારનાં જળનું ગ્રહણ કરવાની વાત છે. (બીજા મન્ત્રની નોંધ ફરીથી જોઈ લેવી.) ૧. **सूर्यत्वचसः** - **सूर्यस्य इव त्वक् यासां ताः** । 'સૂર્યના જેવી ત્વચાવાળાં જળ.' આને સમજાવતાં મહીધર કહે છે કે વહેતાં પાણીમાંથી મધ્યભાગે જે સ્થિર રહેનારાં પાણી હોય છે તે હંમેશા સૂર્યના તડકામાં રહેતા હોય છે. તેથી તેમને **सूर्यत्वचस्** કહ્યાં છે. ૨. **सूर्यवर्चस्**- 'સૂર્યના જેવાં (**वर्चस्** = **तेजस्**) તેજવાળાં.' ૩. **मान्दाः** - **मन्दन्ते भूतानि यत्र बहूदकत्वात् ताः भवथ** । 'જ્યાં બહુ જળ હોવાથી ભૂતો આનંદ પામે છે તે જળ.' (આ તળાવના જળનું વિશેષણ છે.) ૪. **व्रजक्षितः = व्रजे कूपे क्षियन्ति = निवसन्ति इति** । આમ તો વ્રજ શબ્દનો (નિઘણ્ટુમાં) મેઘવાચક શબ્દોની અંદર પાઠ કરવામાં આવ્યો છે, પણ અહીં તો ઉદકને ધારણ કરતો હોવાથી કૂવાને પણ વ્રજ કહ્યો છે. અર્થાત્ કૂવામાં નિવાસ કરનારાં જળને **व्रजक्षितः** કહ્યાં છે. ઉવટના મતે પોષ મહિનામાં ખેતરમાં જે હિમ પડે તેને 'વ્રજક્ષિત' કહે છે. ૫. **वाशी** - **वाशाः** । (મહીધરઃ) '**वश कान्तौ**'। **उश्यन्ते जनैः काम्यन्तेऽन्ननिष्पत्तिहेतुत्वात् वाशा यूयं भवथ** । 'માણસો વડે જેની કામના કરવામાં આવે છે, કેમ કે તે જળથી જ અનાજ ઉગે છે. આથી તે જળને **वाशाः** (કામના કરવામાં આવેલાં એવાં જળ) કહે છે. ૬. **शविष्ठाः** । '**शव**' એ 'બળ'વાચક શબ્દ છે. **शविष्ठ** એટલે બલિષ્ઠ. અહીં વાત-પિત્ત-કફ રૂપ ત્રિદોષનું શમન કરનાર હોવાથી મધુ = મધને 'શવિષ્ઠ' કહેલ છે. ૭. **शक्वरी** - **शक्नुवन्ति हि गावो जगद् उद्धर्तुं वाहदोहादिभिः** । દોહાયેલાં દૂધ વગેરેથી જગત્નો ઉદ્ધાર કરવા માટે જે ગાયો શક્તિમતી હોય છે તેને 'શક્વરી' કહે છે. હે જળ ! તમે તેવી ગાયોસંબંધી થાવ છો. અહીં હોમપૂર્વે જે દૂધનું ગ્રહણ કરવાનું છે, તેનો અહીં સંદર્ભ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે. ૮. જનભૃતઃ - દૂધ, કે જે બાલભાવમાં રહેલા માણસોને ધારણ કરે છે, પોષણ કરે છે. ૯. વિશ્વભૃતઃ - હે ઘૃતરૂપ આપ ! તમો વિશ્વને અર્થાત્ સર્વને, એટલે કે જગતને અને દેવ વગેરેને ધારણ કરનાર થાવ છો. ૧૦. સ્વરાજઃ - હે જળ ! મરીચિ = પ્રકાશના કિરણ રૂપ એવાં તમે 'સ્વરાજ' છો. અર્થાત્ 'જાતે પ્રકાશનારાં છો !' આમ તમે અનન્યાશ્રિત્ય રાજ્યવાળાં છો; અને તેથી રાષ્ટ્રને આપનારા છો. તો યજમાનને તમો રાજ્ય-રાષ્ટ્ર- આપો.

આ દરેક પ્રકારનાં સરસ્વતી નદી વગેરેનાં જળને ઉદુમ્બરના પાત્રમાં એકઠાં કરવામાં આવે છે. મધુર રસવાળાં આવાં જળ ભેગાં થઈને ક્ષત્રિયને = રાજાને માટે મોટું ક્ષત્ર = બળ આપનારાં બને છે. આ યજુસ્ (મન્ત્ર)ની દેવતા જળ (અપ્) છે. રાક્ષસાદિથી ધર્ષણ નહીં પામનાર અને બળસહિતનાં આ જળ મૈત્રાવરુણના ઘરમાં સીદત = તિષ્ઠત । પ્રતિષ્ઠિત થાવ. તથા રાજાને મોટું બળ (મહિ = મહત્, ક્ષત્રં = બલમ્) આપો.

ગ્રીફીથે શક્વરી = શક્વર્યઃ । નો અર્થ 'ગાયો' નહીં લેતાં, અપ્ના સીધા વિશેષણ તરીકે લીધો છે. Endowed with might are ye. 'શક્તિથી ભરેલાં એવાં જળ' (૧) અને વિશેષમાં ઉમેરે છે કે - Endowed with might = fluids of an unborn calf. (વાછરડાનો ગર્ભ.) એ જ પ્રમાણે, જનભૃતઃ - એટલે દૂધ, તથા વિશ્વભૃતઃ - એટલે માખણ. અહીં સત્તર પ્રકારનાં જળને મિશ્રિત કરીને 'ક્ષત્રિય' અર્થાત્ રાજકુંવર, કે જેનો અભિષેક કરવાનો હોય, તેને માટે રાષ્ટ્રની કામના કરવામાં આવી છે.

ષોડશોઽધ્યાયઃ ॥

ભૂમિકા : આ અધ્યાયમાં 'શતરુદ્રિય' હોમને માટેના મન્ત્રો રજૂ કરવામાં આવ્યા છે. આને 'રુદ્રાધ્યાય' પણ કહે છે; કારણ કે આમાં કુલ ૬૬ મન્ત્રોથી રુદ્રની-શિવની- સ્તુતિ કરવામાં આવી છે. 'રુદ્ર' શબ્દની વિવિધ વ્યુત્પત્તિઓ આપતાં ભાષ્યકાર મહીધરે કહ્યું છે કે - ૧. રુત્ દુઃખં દ્રાવયતિ ઇતિ રુદ્રઃ । 'જે રુત્ અર્થાત્ દુઃખને કાપી નાખે છે તે રુદ્ર.' ૨. રુ ગતૌ ધાતુને આધારે 'જે ગત્યર્થક ધાતુ હોય, તેમને જ્ઞાનાર્થક પણ માની શકાય'- એ નિયમાનુસાર રવર્ણં રુત્ = જ્ઞાનં રાતિ, દદાતિ ઇતિ રુદ્રઃ । રુત્ અર્થાત્ જ્ઞાન, તે (જ્ઞાન) જે આપે તે દેવ 'રુદ્ર' કહેવાય છે. આમ રુત્ એટલે જ્ઞાનપ્રદ (જ્ઞાન આપનાર) ૩. પાપિનો નરાન્ દુઃખભોગેન રોદયતિ ઇતિ રુદ્રઃ । જે પાપી માણસોને દુઃખ ભોગવાવડાઈને રડાવે છે તે દેવ 'રુદ્ર' છે.

'શતરુદ્રિય' હોમમાં આ અધ્યાયના મન્ત્રો દ્વારા ૪૨૫ જેટલી આહુતિ અપાય છે; આમાં રુદ્રના ૧૦૦ સ્વરૂપો અથવા રુદ્રની શતવિધ શક્તિઓની સ્તુતિ છે. જીવનમાં અને કુદરતમાં જે ભયજનક-રુદ્ર-સ્વરૂપો છે તેનું આમાં વર્ણન છે. આવા 'રુદ્ર'દેવની કૃપા મેળવવા માટે આ હોમ કરવામાં આવે છે. [આ અધ્યાયના કુલ ૬૬ મન્ત્રોમાંથી

---

(૧) જુઓ : વાજસનેયિ-માધ્યન્દિન-શુક્લ યજુર્વેદસંહિતા ।
Translated by Ralph T. H. Griffith, Nag Publishers, Delhi, 1990, p. 137.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તમારે પહેલા ૧૬ મન્ત્રો અભ્યાસક્રમમાં ભણવાના છે.] પંદરમા અધ્યાયમાં અગ્નિચયનના (અગ્નિને એકઠો કરવાના) મન્ત્રો આવેલા છે. હવે તે પ્રજ્વલિત થયેલો અગ્નિ જે રુદ્ર રૂપે ઊભો છે, તેનું દેવોએ આ ૧૬મા અધ્યાયના મન્ત્રોથી તર્પણ કર્યું.

16.1 નમસ્તે રુદ્ર મન્યવ ઉતો ત ઇષવે નમઃ ।
બાહુભ્યામુત તે નમઃ ॥ ૧ ॥

ઋષિઃ પરમેષ્ઠી, દેવો કે પ્રજાપતિ, દેવતાઃ રુદ્ર, છન્દ : ગાયત્રી

અનુવાદ : "હે રુદ્ર ! તમારા ક્રોધને નમસ્કાર હજો, અને તમારા બાણને પણ નમસ્કાર હજો. (એ જ પ્રમાણે) તમારા બે હાથને પણ નમસ્કાર હજો." 16.1

અભ્યાસનોંધ : "નમઃ (નમસ્કાર હજો) અવ્યયની સાથે જોડાયેલા પદાર્થને ચતુર્થી વિભક્તિ લાગે છે." એવા વ્યાકરણના નિયમ મુજબ આ મન્ત્રમાં **મન્યુ > મન્યવે, ઇષુ > ઇષવે, બાહુ > બાહુભ્યામ્** - એ સઘળાં ચતુર્થ્યન્ત પદો છે. આ મન્ત્રમાં રુદ્રના ક્રોધને, બાણને અને બે બાહુઓને પ્રણામ કર્યા છે. આનો તાત્પર્યાર્થ સમજાવતાં ભાષ્યકાર મહીધર કહે છે કે – "રુદ્રના ક્રોધ, બાણ અને (બે) હાથ અમારા દુશ્મનો ઉપર જ પ્રસરે, પણ અમારી ઉપર નહીં." તેવી ઋષિએ પ્રાર્થના કરી છે.

16.2 યા તે રુદ્ર શિવા તનૂરઘોરાઽપાપકાશિની ।
તયા નસ્તન્વા શન્તમયા ગિરિશન્તાભિ ચાકશીહિ ॥ ૨ ॥

ઋષિઃ પરમેષ્ઠી, આર્ષી સ્વરાટ્, છન્દઃ અનુષ્ટુપ્ અને દેવતાઃ રુદ્ર.

અનુવાદઃ "હે રુદ્ર ! તમારું કલ્યાણકારી, ઘોર નહીં તેવું (અર્થાત્ સૌમ્ય) અને પાપને (અર્થાત્ અસુખને) પ્રકાશિત નહીં કરનારું એવું જે શરીર છે (= એવી જે તનૂ = દેહયષ્ટિ છે), તે અત્યંત સુખી કરનાર શરીર વડે, હે ગિરિશન્ત (= રુદ્ર) ! તમો અમને જુવો." 16.2

નોંધ : આ મન્ત્રમાં રુદ્રને માટે **ગિરિશન્ત** એવો એક નવો શબ્દ વપરાયો છે. આની વ્યુત્પત્તિ આપતાં ભાષ્યકાર ઉવટ કહે છે કે- ૧. **ગિરૌ પર્વતે કૈલાસાખ્યે અવસ્થિતઃ, શં = સુખં તનોતિ ઇતિ ગિરિશન્તઃ** । અર્થાત્ (કૈલાસ નામના) પર્વત ઉપર રહેલા જે દેવ શમ્ને = સુખને વિસ્તારે છે. તેને 'ગિરિશન્ત' કહે છે.' ૨. **ગિરિ વાચિ અવસ્થિતઃ સુખં તનોતિ ઇતિ** । 'વાણીમાં રહેલા જે (દેવ) સુખને વિસ્તારે છે = આપે છે તેને 'ગિરિશન્ત' કહે છે.' અથવા ૩. **ગિરૌ મેઘે અવસ્થિતો વૃષ્ટિદ્વારેણ સુખં તનોતિ ઇતિ** । પર્વત ઉપર રહેલા જે (દેવ) વૃષ્ટિ = વરસાદ દ્વારા લોકોના સુખનો વિસ્તાર કરે છે તેને પણ 'ગિરિશન્ત' કહે છે. રુદ્રદેવ આ ત્રણેય વ્યુત્પત્તિઓ મુજબ ૧. કૈલાસ પર્વત ઉપર રહેનાર છે, ૨. વાણીના ઈશ છે અને ૩. વૃષ્ટિ આપનારા દેવ છે.

ભાષ્યકાર મહીધરે આ શબ્દની એક ચોથી વ્યુત્પત્તિ પણ આપી છે : ૪. **ગિરૌ શેતે ઇતિ ગિરિશઃ** । 'ગિરિ = પર્વત ઉપર શયન કરનાર' તે ગિરિશ છે. **અમ્ગતૌ** ભજને શબ્દે ધાતુને કર્તરિ ભૂતકૃદન્તના અર્થમાં તે પ્રત્યય લાગે તો, **અમતિ = ગચ્છતિ = જાનાતિ ઇતિ** । **અમ્ + ત > અંત > અન્તઃ** । શબ્દ બને છે. (= જે જાણે છે તે.) ત્યાર પછી **ગિરિશશ્ચાસૌ અન્તશ્ચ ઇતિ ગિરિશન્તઃ** । અહીં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમાસ દરમ્યાન गिरिश + अन्त ।ની સ્થિતિમાં गिरिशान्त થવું જોઈએ; પણ તેમ નહીં થતાં शकन्ध्वादि ગણમાં આ શબ્દનો પાઠ છે એમ માનીને 'પર રૂપ વિધિ' (पा. सू. ६-१-९४) કરીશું તો गिरिश + अन्त માંથી गिरिशन्त । બની શકે છે..

अभि + चाकशीहि । એવા ક્રિયાપદનો અર્થ अभि + पश्य । 'તમે જુવો' એવો થાય છે. નિરુક્ત (૩-૧૧-૮) મુજબ चाकशीति તે 'જોવું'- 'જુવે છે' અર્થવાળું ક્રિયાપદ છે, તેનું આજ્ઞાર્થ મધ્યમ પુરુષ એકવચનનું આ રૂપ છે. અહીં शिवा, अघोरा, अपापकाशिनी- એ ત્રણેય तनूः (રુદ્રના શરીરનાં) વિશેષણો છે. ગ્રીફીથ કહે છે કે - Auspicious form : the God having two forms, one terrific and the other gental and auspicious.

16.3 यामिषुं गिरिशन्त हस्ते बिभर्ष्यस्तवे ।
शिवां गिरित्र तां कुरु मा हिꣳसीः पुरुषं जगत् ॥ ३ ॥

અનુવાદ : ''હે ગિરિશન્ત (રુદ્રદેવ) ! તમે હાથની અંદર જે બાણ ફેંકવા માટે ધારણ કર્યું છે; તે (બાણ)ને, હે ગિરિત્ર (= પર્વત ઉપર રહેનારા અને ભક્તોનું રક્ષાણ કરનારા હે રુદ્રદેવ) ! તમે કલ્યાણકારી બનાવો. તથા (પુત્રપૌત્રાદિક) પુરુષનો અને જગત્નો (= જંગમ, ફરનારા ગાય-અશ્વાદિકનો) તમે વધ કરશો નહીં.' 16.3

નોંધ : गिरिशन्त શબ્દની સમજૂતી ઉપરના મન્ત્રની નોંધમાં આપેલ છે. અહીં તે સંબોધનવાચક પદ રૂપે વપરાયો છે. એ જ પ્રમાણે, गिरित्र શબ્દ પણ રુદ્રનું વિશેષણ છે અને સંબોધનમાં વપરાયું છે. ઉવટ કહે છે કે - गिरौ कैलासेऽवस्थितः त्रायते भक्तान् इति गिरित्रः । કૈલાસ પર્વત ઉપર રહેલા અને ભક્તોનું રક્ષણ કરનાર રુદ્રદેવને 'ગિરિત્ર' કહે છે.' याम् इषुम् - જે બાણને, बिभर्षि - તમે ધારણ કરો છો, अस्तवे = ફેંકવા માટે. असु क्षेपणे (= अस् 'ફેંકવું' અર્થવાળા) ધાતુને વૈદિક હેત્વર્થ કૃદન્તનો तवे પ્રત્યય લાગીને अस्तवे રૂપ બન્યું છે. જેનો અર્થ अस्तितुं = क्षेप्तुम् થાય છે. तां (इषुं) शिवां कुरु । તે બાણને કલ્યાણકારી બનાવો. मा हिꣳसीः અર્થાત् मा हिंसीः । 'તમે હિંસા ના કરશો.' નિષેધાર્થક मा અવ્યયના યોગે हन् ધાતુનું અદ્યતન ભૂતકાળ (लुङ् લકાર)માં મધ્યમ પુરુષ, એકવચનનું રૂપ છે.

ભાષ્યકાર મહીધરે 'ગિરિત્ર'નો અર્થ 'કૈલાસ ઉપર રહેલા જે દેવ ભૂતોને = પ્રાણીઓને રક્ષે છે તે' એવો કર્યો છે. તથા પુરુષનો અર્થ 'પુત્રપૌત્રાદિક', તથા જગત્નો અર્થ 'જંગમ, બીજું જે કોઈ ગવાશ્વાદિક પ્રાણીજગત્ છે તે' એવો કર્યો છે.

16.4 शिवेन वचसा त्वा गिरिशाऽच्छा वदामसि ।
यथा नः सर्वमिज्जगदयक्ष्मꣳ सुमना असत् ॥ ४ ॥

ઋષિઃ પરમેષ્ઠી, વિરાટ આર્ષી, છન્દઃ અનુષ્ટુપ્, દેવતાઃ રુદ્ર

અનુવાદ : ''હે ગિરિશ ! મંગલકારી વચનોથી તને પ્રાપ્ત કરવા માટે (અમે) બોલીએ (= પ્રાર્થીએ) છીએ. જેથી કરીને (તમે) અમારું સઘળું જગત્ (=જંગમ એવા માણસો અને પશુ વગેરે) રોગ વિનાનું અને સુન્દર મનવાળું થાય (તેમ તમે કરો.)'' 16.4

નોંધ : ૧. गिरिशः - गिरौ शेते इति । પર્વત ઉપર અર્થાત્ કૈલાસ નામના પર્વત ઉપર જે સૂતા છે–નિવાસ કરે છે તે ગિરિશ. (गिरौ+शेते > शीङ् शयने । ધાતુને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વેદમાં, गिरौ डः छन्दसि ।* વાર્ત્તિકથી ड > अ પ્રત્યય લાગીને गिरिश શબ્દ બને છે.) ૨. अच्छा - એક અવ્યય છે. જેના વિશે ઉવટે अच्छाभेराप्तुमिति शाकपूणिः । (નિ. ૫/૨૮) એવા વચનને ઉદ્ધૃત કરીને કહ્યું છે કે - શાકપૂણિના મતે अच्छ > अच्छा અવ્યય आप्तुम् = પ્રાપ્તુમ્ અર્થમાં પ્રયોજાયેલ છે. ૩. वदामः અર્થમાં वदामसि રૂપ વેદમાં થાય છે. इदन्तो मसि । પા. ૭-૧-૪૬ એવા સૂત્રથી मस् પ્રત્યયના સ્થાને मसि આદેશ થાય છે. ૪. अयक्ष्मं = રોગ વિનાનનું. (यक्ष्म = રોગ. ઇ. व्याधि). ૫. सुमनाः = शोभनमनस्कम् = સુન્દર ખુશમિજાજી સ્વભાવવાળું. ૬. असत् - થાવ. આશંસા અર્થમાં લેટ્ લકારનું રૂપ છે.

16.5 अध्यवोचदधिवक्ता प्रथमो दैव्यो भिषक् ।
अहीꣳश्च सर्वाञ् जम्भयन् सर्वाश्च यातुधान्योऽधराचीः परासुव ॥ ५ ॥

ऋषिः પ્રજાપતિ, ભૂરિક્ આર્ષી, છન્દઃ બૃહતી, દેવતાઃ રુદ્ર

અનુવાદ : 'એ અધિવક્તા, દેવોને માટે હિતકારી એવા, અને પ્રથમ (અર્થાત્ મુખ્ય) વૈદ્ય (સ્વરૂપ રુદ્ર) (મને ઉદ્દેશીને) સર્વાધિક બોલે. બધા જ પ્રકારના સર્પોનો નાશ કરતાં એવા તમે અધોગતિ કરાવનારી સઘળી યાતનાઓને ધારણ કરતી (રાક્ષસી)ઓને (તમે) દૂર ફેંકી દો.'' 16.5

નોંધ : ૧. अध्यवोचत् - ક્રિયાપદમાં આવેલો અધિ ઉપસર્ગ 'ઉપરિભાવ કે ઐશ્વર્ય'ને કહેનારો છે. તેનો અર્થ अधिवदतु, अधिब्रवीतु થાય છે. મહીધરઃ रुद्रो माम् अध्यवोचत् अधिवत्, मां सर्वाधिकं वदतु । ૨. अधिवक्ता - ઐશ્વર્યપૂર્વક બોલવાનું જે જાણે છે તે (ઉવટ). ૩. दैव्यः - देवेभ्यो हितः । - ને માટે હિતકારક - એ અર્થમાં દેવ શબ્દને તદ્ધિતનો ય પ્રત્યય લાગીને दैव्य શબ્દ બન્યો છે. ૪. भिषक् - વૈદ્ય, રોગ નાશક. ૫. जम्भयन् = નાશયન્ - વિનાશ કરી રહેલા (વર્તમાન કૃદન્ત); जभे-जृभी गात्र-विनामे, जभ > जम्भ ધાતુ 'ગાત્રો પહોળા કરવાં' (બગાસું ખાવું) અર્થ આપે છે. ૬. अहि - સર્પ, તેનું દ્વિતીયા વિભક્તિ બહુવચન : अहीन् । ૭. यातुधान्यः - यातनाः दुःखं कष्टं तत्प्राणिषु धारयन्ति इति यातुधान्यः राक्षसीः (ઉવટ). યાતનાઓ, દુઃખ, કષ્ટને 'यातु' કહે છે. પ્રાણીઓને જે યાતુ આપે છે તે રાક્ષસીને यातुधान्यः (=यातुधानीः) કહે છે. ૮. अधराचीः = अधोऽञ्चनाः कृत्वा (ઉવટ), નીચી નમાવીને પણ મહીધર કહે છે કે अधरेऽधोदेशेऽञ्चन्ति ता अधराच्यः, ताः अधोऽधोगमनशीलाः - જે નીચેના દેશમાં જવાના સ્વભાવવાળી છે તે. (રાક્ષસીઓને), परासुव = क्षिपतु - દૂર ફેંકી દો. ગ્રીથીફે अध्यवोचत्નો અર્થ 'May be plead for us'; અને यातुधान्यःનો અર્થ female goblins કર્યો છે.

16.6 असौ यस्ताम्रो अꣳरुण उत बभ्रुः सुमङ्गलः ।
ये चैन ꣳ रुद्रा अभितो दिक्षु श्रिताः सहस्रशोऽ-
वैषा ꣳ हेड ईमहे ॥ ६ ॥

ऋषिः પ્રજાપતિ, વિરાટ્ આર્ષી, છન્દઃ પંક્તિ, દેવતાઃ રુદ્ર.

અનુવાદ : 'આ પેલો જે (આદિત્ય રૂપ રુદ્ર) છે, તે (ઉદયકાળે) તામ્રવર્ણનો,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અસ્તસમયે) અરુણ (= રક્ત)વર્ણનો અને (મધ્યાહ્ને) બભ્રુ (=પીળા) રંગનો હોય છે તે મંગલકારી છે. આ (સૂર્ય)ની ચારે તરફ જે હજારો (કિરણો રૂપી) રુદ્રો આશ્રયણ કરીને રહેલા છે, તે રુદ્રોના (અમારા અપરાધોથી જન્મેલા) ક્રોધને અમે દૂર કરીએ છીએ.'' 16.6

નોંધ : ભાષ્યકાર ઉવટ કહે છે કે અહીં રુદ્રની આદિત્ય સ્વરૂપે સ્તુતિ કરી છે. આદિત્ય ઉદય, અસ્ત અને મધ્યાહ્ને જુદા જુદા તામ્ર, અરુણ અને બભ્રુ (કપિલ, પીળાશ પડતા) રંગનો હોય છે. તે કહ્યા પછી, તેને **સુમઙ્ગલઃ** 'મંગલકારી કહ્યો છે. બીજી પંક્તિમાં **રુદ્રાઃ** પદથી 'સૂર્યકિરણો' એવો અર્થ લેવાનો છે. **એનં** (= આદિત્યં) **અભિતઃ** - આ આદિત્યની ચારે તરફ, (**અભિતઃ, સર્વતઃ** અવ્યયોના યોગમાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે.) **સહસ્રશો રુદ્રાઃ દિક્ષુ શ્રિતાઃ** - હજારો કિરણ રૂપ રુદ્રો બધી દિશાઓમાં આશ્રયણ કરી રહ્યા છે. **એષાં રુદ્રાણાં** (= કિરણાનાં, રશ્મીનાં) **હેડઃ** (= ક્રોધમ્) **ઈમહે** = **નિવારયામઃ** । આ રુદ્રોના ક્રોધને અમે (ભક્તિથી) દૂર કરીએ છીએ.

16.7 અસૌ યોઽવસર્પતિ નીલગ્રીવો વિલોહિતઃ ।
ઉતૈનં ગોપા અદૃશ્રન્નદૃશ્રન્નુદહાર્યઃ સ દૃષ્ટો મૃડયાતિ નઃ ॥ ૭ ॥

ઋષિઃ પ્રજાપતિ, વિરાટ્ આર્ષી, છન્દઃ પંક્તિ, દેવતાઃ રુદ્ર.

અનુવાદ : આ પેલા જે સૂર્ય (અસ્ત સમયે) નીલકંઠ તથા લાલવર્ણવાળા દેખાય છે. તે (ઉદય અને અસ્ત પામતા સતત) આવ-જા કરે છે. વળી, આ (સૂર્ય)ને ગોપાલકો જુવે છે અને જળ લાવનારી (ગોપાંગના)ઓ પણ જુવે છે; તે (સૂર્ય) જોવા માત્રથી અમને સુખી કરો.'' 16.7

નોંધ : ૧. **અસૌ** - આ પેલો, **યઃ** = જે (સૂર્ય), **નીલગ્રીવઃ** ।ના પૂર્વપદમાં (ની અક્ષરમાં) ઉદાત્તસ્વર હોવાથી આ બહુવ્રીહિ સમાસ છે. **(વિષધારણેન) નીલા ગ્રીવા કણ્ઠો યસ્ય સઃ** । શંકરે કંઠમાં વિષ ધારણ કર્યું હોવાથી, તેમની ગ્રીવા (=ડોક) નીલ-કાળા-રંગની થઈ છે. અહીં સૂર્ય રૂપ રુદ્રદેવ પણ, મહીધર કહે છે તેમ **અસ્તમયે નીલકણ્ઠ ઇવ લક્ષ્યઃ** । અસ્ત સમયે નીલકંઠ જેવા દેખાય છે. **વિલોહિતઃ** એટલે **વિશેષેણ રક્તઃ** । વિશેષ રૂપે લાલ રંગના (ઉદય સમયે). ૨. **ઉત** - વળી, **એનં** = આ (સૂર્ય)ને, **ગોપા અદૃશ્રન્** - ગોપાલો જુવે છે. ઉવટ કહે છે કે સાંજના સમયે ગાયો વાડામાં પાછી ફરતી હોય છે. તેથી ગોપાલો સાંજે સૂર્યને જોતા હોય છે. એ જ રીતે, **ઉદહાર્યઃ** = **ઉદકહાર્યઃ** પાણીનું આહરણ કરનારી ગોપસ્ત્રીઓ, પનીહારીઓ. પણ તે સૂર્યને જુવે છે. **સ** (સૂર્યઃ) **દૃષ્ટઃ** = **દૃષ્ટમાત્રઃ નઃ મૃડયાતિ** = **સુખયતિ** । તે સૂર્ય જોવા માત્રથી અમને સુખી કરે (છે). અહીં 'સૂર્યમંડળમાં રહેલા રુદ્રદેવ જ પ્રકાશી રહ્યા છે, જે અમને સુખી કરો' એવી પ્રાર્થના છે.

16.8 નમોઽસ્તુ નીલગ્રીવાય સહસ્રાક્ષાય મીઢુષે ।
અથો યે અસ્ય સત્વાનોઽહં તેભ્યોઽકરં નમઃ ॥ ૮ ॥

અનુવાદ : ''નીલકંઠવાળા, હજાર આંખોવાળા અને (જળનું) સિંચન કરનારા (પર્જન્યરૂપ ઇન્દ્ર)ને નમસ્કાર હજો. અને વળી, આ (રુદ્ર)ના સત્ત્વો (= પ્રાણીઓ, સેવકો) છે, તેમને હું નમસ્કાર કરું છું.' 16.8

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : નીલગ્રીવાય - શ્યામ ડોકવાળા અર્થાત્ નીલવર્ણી કંઠવાળા (શંકર), **સહસ્રાક્ષાય** (= **સહસ્રમ્ અક્ષીણિ યસ્ય, તસ્મૈ ઇન્દ્રસ્વરૂપિણે**) - હજાર આંખો છે જેમની તેવા ઇન્દ્રસ્વરૂપ (રુદ્ર)ને, **નમઃ અસ્તુ** - નમસ્કાર હજો. **મીઢુષે**-માં **મિહ સેચને** ધાતુ છે : **મિમેહેતિ** - 'જે સિંચન કરે છે તે = **મીઢ્વન્** । (**દાશ્વાન્સાહ્વાન્ મીઢ્વાંશ્ચ** । ૬-૧-૧૨થી **ક્વસન્ત** નિપાત રૂપે જાહેર થયો છે.) તેનું ચતુર્થી એકવચનનું રૂપ. જળનું સિંચન કરનારને (**મીઢુષે = સેક્ત્રે**) નમસ્કાર હજો.

અથો (અવ્યય) 'અને', 'વળી', ઉવટ મુજબ પહેલી પંક્તિમાં જે સહસ્રાક્ષ નીલકંઠવાળા દેવ છે તેમના, **અસ્ય** (= નીલકંઠના) જે, **સત્વાનઃ = સત્વભૂતાઃ રુદ્રાઃ** (**સન્તિ**) સત્ત્વભૂત રુદ્રો છે, **તેભ્યઃ** - તેમને માટે, **સત્ત્વભૂતાઃ** તેમને ઉદ્દેશીને, **અહમ્ અકરમ્** (= **અકરવમ્**)- હું નમસ્કાર કરું છું. (**લુઙ્** લકાર અદ્યતન ભૂતકાળ ઉત્તમ પુરુષ એકવચનનું રૂપ)

મહીધર મુજબ **સહસ્રાક્ષાય** અને **મીઢુષે** થી ઇન્દ્ર, પર્જન્યરૂપ ઇન્દ્ર, વૃષ્ટિ જળનું સિંચન કરનારનો ઉલ્લેખ છે પણ, મહીધર **અસ્ય** સર્વનામથી **રુદ્રસ્ય** એવો અર્થ લેવાનું કહે છે. આ રુદ્રના જે **સત્વાનઃ** = પ્રાણીઓ કે ભૃત્યો છે, તેમને હું નમસ્કાર કરું છું. ગ્રીફીથ અનુસાર **અસ્ય સત્વાનઃ**-થી his spirit ministers અર્થ સમજાય છે.

16.9 પ્રમુઞ્ચ ધન્વ॑નસ્ત્વમુભયો॒રાર્ત્ન્યો॑ર્જ્યામ્ ।
યાશ્চ॑ તે હ॒સ્ત॒ ઇષ॑વઃ પ॒રા॒ તા ભ॑ગવો વપ ॥

અનુવાદ : ''(તમે) ધનુષ્યના બેઉ છેડાઓમાં (બાંધેલી) પણછ (=દોરી)ને છોડી કાઢો. હે ભગવાન્ ! તમારા હાથમાં જે બાણો છે, તેમને દૂર ફેંકી દો.'' 16.9

નોંધ : ધન્વનઃ = ધનુષઃ - ધનુષ્યના **ઉભયોઃ આર્ત્ન્યોઃ** - બે છેડાઓમાં (બાંધેલી), **જ્યામ્ પ્રમુઞ્ચ** - દોરીને, પણછને છોડી કાઢો. (હે) **ભગવઃ** - હે ભગવન્ !, **પરાવપ = પરાક્ષિપ = દૂર ફેંકી દો.** (વેદમાં ઉપસર્ગો ક્રિયાથી દૂર, આગળ-પાછળ વપરાયેલા જોવા મળે છે. તેમ અહીં **પરા** ઉપસર્ગની પાછળ **તાઃ ભગવઃ** એ બે પદો આવેલાં છે, અને તેની પાછળ **વપ** ક્રિયાપદ (આજ્ઞાર્થ) વપરાયું છે.) ભગવન્-માં ભગ એટલે ઐશ્વર્યો, ભગવાન્ એટલે ઐશ્વર્યવાળા. આવા ઐશ્વર્યો અનેક પ્રકારના મનાયા છે. ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન તથા વૈરાગ્ય.

16.10 વિજ્યં॑ ધનુઃ કપ॒ર્દિ॒નો॒ વિશ॑ल्यो॒ बाण॑वाँ उ॒त ।
अने॑शन्नस्य॒ या इष॑व आ॒भुर॑स्य॒ निष॑ङ्गधिः ॥

અનુવાદ : જટાજૂટવાળા(રુદ્ર)નું ધનુષ્ય પણછ (= દોરી) વિનાનું (થાવ); તથા બાણવાળું (ભાથું) શલ્યરહિત (અર્થાત્ અણિયારી ધાર વિનાનું) બનો. આ (રુદ્ર)ના જે બાણો છે, તે નાશ પામો; તથા આ (રુદ્ર)ની ખડ્ગ મૂકવાની મ્યાન પણ ખાલી રહો. [અર્થાત્ રુદ્ર અમારા પ્રત્યે સર્વ શસ્ત્રોને ત્યજી દેનારા બનો.] 16.10

નોંધ : આ મન્ત્રમાં રુદ્રને એમની સંહાર શક્તિ ન વાપરવા પ્રાર્થના કરવામાં આવી છે. આને માટે ચાર પાદમાં ચાર વાક્યો ગોઠવ્યાં છે : ૧. **કપર્દિનઃ = રુદ્રસ્ય** । **કપર્દો જટાજૂટઃ અસ્ય અસ્તિ ઇતિ કપર્દી = રુદ્રઃ, (તસ્ય કપર્દિનઃ)** । 'કપર્દ' એટલે જટાજૂટ. આ જટાજૂટવાળા દેવને 'કપર્દિન્' કહેવાય છે. (રુદ્રનું વિશેષણ.) **ધનુઃ**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિજ્યમ્ (અસ્તુ) - રુદ્રનું ધનુષ્ય, 'જેમાંથી જ્યા = પણછ છૂટી ગઈ છે' તેવું થાવ. (વિગતા જ્યા યસ્ય તત્ ।) [વિજ્યમ્ + ધનુઃ = વિજ્યં + ધનુઃ = વિજ્યન્ ધનુઃ । એવો સન્ધિનો ક્રમ છે.] ૨. બાણવાન્ વિશલ્યઃ (અસ્તુ) - બાણોથી ભરેલું = બાણોવાળું જે તે 'બાણવાન્' અર્થાત્ ભાથું, તે શલ્ય વિનાનું થાવ. 'શલ્ય' એટલે (બાણની) અણીયાળી ધાર, લક્ષણાથી 'અણીયાળી ધારવાળા બાણો.' તેના વિનાનું ભાથુ બને. ઉત - અને, વળી. ૩. અસ્ય (રુદ્રસ્ય) યા ઇષવઃ, તાઃ અનેશન્ = નશ્યન્તુ આ રુદ્રના જે બાણો છે, તે નાશ પામે. નશ્ અદર્શને ધાતુ (નાશ પામવું.) તેનું લુઙ્ લકારમાં અદ્યતન ભૂતકાળમાં ચ્લિને અઙ્ થયા પછી. ત્વ થઈને રૂપ બન્યું છે : અનેશન્ । ૪. અસ્ય (રુદ્રસ્ય) નિષઙ્ગધિ = આભુઃ (ભવતુ). આ રુદ્રનું (નિષંગ = ખડ્ગ જેમાં ધીમતે-મૂકવામાં આવે છે તે=) 'નિષંગધિ' અર્થાત્ 'મ્યાન' (કોશ), આભુઃ = રિક્તઃ ખાલીખમ બનો. (= મ્યાન ખડ્ગ વિનાની બનો). આમ રુદ્રનાં બધાં શસ્ત્રો (ધનુષ્ય, બાણ અને ખડ્ગ) અમારા ભક્તો ઉપર ન વપરાય તેવી ઋષિની પ્રાર્થના છે.

11. યા તે હેતિર્મીઢુષ્ટમ હસ્તે બભૂવ તે ધનુઃ ।
તયાસ્માન્વિશ્વતસ્ત્વમયક્ષ્મયા પરિભુજ ॥ ૧૧ ॥

અનુવાદ : ''હે મીઢુષ્ટમ (= અતિશય વૃષ્ટિ કરનાર) ! તમારા હાથમાં તમારું (જે) ધનુષ્ય રૂપી આયુધ (હેતિઃ) છે, તેના વડે અમને ચારેય તરફથી ઉપદ્રવ વિનાના બનાવી, તે રીતે (અમારું) પરિપાલન કરો.'' 16.11

નોંધ : મીઢ્વાન્ (મિહ સેચને) 'વૃષ્ટિ સિંચન કરનાર'. શ્રેષ્ઠતાદર્શક તમ પ્રત્યય જોડીને મીઢુષ્ટમ શબ્દ બનાવાયો છે. (તેનું સંબોધન). તે હસ્તે = તમારા હાથમાં, ધનુઃ ધનુષ્ય (રૂપી) યા હેતિઃ (સ્ત્રીલિંગ શબ્દ) - જે આયુધ બભૂવ = છે, તયા તે હેતિ વડે = આયુધ વડે, અસ્માન્ વિશ્વતઃ - અમને ચારેય તરફથી, અયક્ષ્મયા - રોગ વિનાના, ઉપદ્રવ વિનાના બનાવી, પરિભુજ = પરિપાલય - પરિપાલન કરો. (આજ્ઞાર્થ : મધ્યમ પુરુષ એ.વ.)

12. પરિ તે ધન્વનો હેતિરસ્માન્વૃણક્તુ વિશ્વતઃ ।
અથો ય ઇષુધિસ્તવારે અસ્મન્નિ ધેહિ તમ્ ॥ ૧૨ ॥

અનુવાદ : ''(હે રુદ્ર !) તમારું ધનુષ્ય-સંબંધિ જે આયુધ (હેતિ) તે અમને ચારેય તરફથી છોડી દે (= લક્ષ્ય ન બનાવે). અને વળી, બાણને ધારણ કરનારું જે (ભાથું), તેને પણ અમારી પાસેથી ઘણે દૂર સ્થાપી દો.'' 16.12

નોંધ : ધન્વનઃ હેતિઃ ધનુષ્યસંબંધી આયુધ, અસ્માન્ - અમને વિશ્વતઃ, પરિ વૃણક્તુ = પરિવર્જયતુ = ચારેય તરફથી - બધી બાજુએથી, ત્યજી દે, છોડી દે. અથો - ઓ કારાન્ત નિપાત, 'અને, વળી'. ઇષુધિ : = બાણવાન્ બાણવાળું ભાથું. અસ્મત્ - પંચમી બહુવચન - અમારી પાસેથી, આરે = દૂરે ઘણે દૂર, નિ ધેહિ - મૂકો, સ્થાપો. આ મન્ત્રમાં પણ રુદ્રના આયુધોથી છુટકારો માંગવામાં આવ્યો છે. 16.13

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

13. અવતત્ય ધનુષ્ટ્વꣳ સહસ્રાક્ષ શતેષુધે ।
નિશીર્ય શલ્યાનાં મુખા શિવો નઃ સુમના ભવ ॥ ૧૩ ॥

અનુવાદ : ''હે હજાર નેત્રવાળા ! અને હે સેંકડો ભાથાવાળા ! (રુદ્ર !) તમો ધનુષ્ય (તેની દોરી)ને ઉતારી કાઢીને, શલ્યરૂપ બાણોના અણીયાળા મુખભાગો (= અગ્રભાગો)ને તોડી કાઢીને તમો અમારા પ્રત્યે કલ્યાણકારી અને સુન્દર મનવાળા (= કૃપાળુ) થાવ.''

નોંધ : સહસ્રાક્ષ અને શતેષુધે - સંબોધનવાચા પદો, ત્વં ધનુઃ અવતત્ય = તમે ધનુષ્યને, ધનુષ્યની પણછને ઉતારી કાઢીને, શલ્યાનાં મુખાઃ નિશીર્ય બાણોના અણીવાળા આગળના ભાગોને તોડી કાઢીને નઃ = અસ્માન્ પ્રતિ, શિવઃ સુમનાઃ ભવ । અમારા પ્રત્યે શિવ = કલ્યાણકારી અને કૃપાળુ મનવાળા થાવ.

14 નમસ્તે આયુધાયાનાતતાય ધૃષ્ણવે ।
ઉભાભ્યામુત તે નમો બાહુભ્યાં તવ ધન્વને ॥ ૧૪ ॥

અનુવાદ : ''(ધનુષ્ય ઉપર) નહીં ચઢાવેલા અને ધર્ષણ કરવાના સ્વભાવવાળા તમારા આયુધ (= બાણ)ને નમસ્કાર હજો. તમારા બન્ને હાથને નમસ્કાર હજો, તથા તમારા ધનુષ્યને પણ (નમસ્કાર હજો.)'' 16.14

નોંધ : તે = તવ આયુધાય નમઃ - તમારા આયુધને નમસ્કાર હજો. આયુધનાં બે વિશેષણો : ૧. અનાતતાય અને ૨. ધૃષ્ણવે । ધનુષ્ય ઉપર નહીં ખેંચેલા, ચઢાવેલા અને ધૃષ્ણુ - ધર્ષણશીલ, શત્રુને હણવા માટે પ્રગલ્ભ બનનારા. ઉભાભ્યામ્ બાહુભ્યામ્ - (ચતુર્થી દ્વિવચન) બન્નેય હાથને, નમઃ નમસ્કાર હજો. તવ ધન્વને = તવ ધનુષે - તમારા ધનુષ્યને પણ (નમસ્કાર).

15. મા નો મહાન્તમુત મા નો અર્ભકં મા ન
ઉક્ષન્તમુત મા નો ઉક્ષિતમ્ । મા નો વધીઃ
પિતરં મોત માતરં મા નઃ પ્રિયાસ્તન્વો રુદ્ર રીરિષઃ ॥ ૧૫ ॥

અનુવાદ : ''હે રુદ્ર ! અમારા વૃદ્ધોને તું હણીશ નહીં, અમારા નાનાં બાળકોને, અમારા તરુણ (યુવક)ને તથા અમારા ગર્ભસ્થ-શિશુને પણ હણીશ નહીં. (તેવી જ રીતે) અમારા પિતાને તથા માતાને તું હણીશ નહીં. અમારી જે પ્રિયાઓ (સ્ત્રીઓ) છે તેમને, તથા અમારાં જે (પુત્રપૌત્રાદિ રૂપ) શરીરો છે તેમની પણ તું હિંસા ના કરીશ.'' 16.15

નોંધ : (ત્વં) નઃ (અસ્માકં) મહાન્તં (વૃદ્ધં) મા વધીઃ । તું અમારા મોટા વડીલોને - વૃદ્ધોને હણીશ નહીં. અર્ભકં - નાનાં બાળકો, ઉક્ષન્તમ્ = તરુણને, ઉક્ષિતમ્ (ઉક્ષ સેચને) ગર્ભમાં સ્થપાયેલા શિશુને - મોત = મા + ઉત પ્રિયાઃ = વલ્લભાઃ = પ્રિય પત્નીઓ, તન્વઃ - પુત્ર રૂપ શરીરો, મા રીરિષઃ (રિષતિઃ હિંસાર્થઃ) = મા હિંસીઃ । તમો હિંસા ના કરશો.

16. મા નસ્તોકે તનયે મા ન આયુષિ મા નો
ગોષુ મા નો અશ્વેષુ રીરિષઃ । મા નો વીરાન્
રુદ્ર ભામિનો વધીર્હવિષ્મન્તઃ સદમિત્ત્વા હવામહે ॥ ૧૬ ॥

અનુવાદ : હે રુદ્ર ! અમારા પુત્રની ઉપર, કે અમારા પૌત્રની ઉપર, અમારા આયુષ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= જીવન)ની ઉપર, કે અમારી ગાયો ઉપર તથા અમારા અશ્વોની ઉપર તું હિંસા ના આચરીશ. હે રુદ્ર ! ક્રોધવાળા હોવા છતાંય અમારા વીર પુત્રોનો તું વધ ના કરીશ. કારણ કે હંમેશા હવિષ્યાન્ન આપનારા અમે તને બોલાવીએ છીએ.'' 16.16

નોંધ : तोके, પુત્રની ઉપર, પુત્રને વિશે, **तनये** - પૌત્રની ઉપર, **आयुषि = जीवने** - અમારા જીવન ઉપર, **मा रीरिषः = मा हिंसीः** - તું હિંસા નાં આચરીશ. **मामिनः = क्रोधयुक्तान् वीरान् = क्रोधयुक्त** વીર પુત્રોને કે ભૃત્યોને તું, **मा वधीः** - હણીશ નહીં. કારણ કે અમે હવિષ આપનાર છીએ. **= हविष्मन्तः (वयम्), सद् मित् = सदा एव, (त्वां, हवामहे = आह्वयामः** - તને બોલાવીએ છીએ. યજ્ઞને માટે આહ્વાન કરીએ છીએ. મહીધર કહે છે કે અમે કેવળ તારા એકની પાસે જ શરણે આવ્યા છીએ.

॥ एकत्रिंशोऽध्यायः ॥

ભૂમિકા :- યજુર્વેદના એકત્રીસમા અધ્યાયમાં 'પુરુષસૂક્ત' આવેલું છે. ઋગ્વેદ (૧૦.૯૦)માં (સોળ મન્ત્રવાળું) જે 'પુરુષસૂક્ત' આવેલું છે, તે થોડાક ફેરફાર સાથે અહીં રજૂ થયું છે; તેમાં ૧૭ થી ૨૨ મન્ત્રો નવા જોડવામાં આવ્યા છે, (જે આપણા અભ્યાસના વિષયરૂપે પ્રસ્તુત છે.)

જે વેદકાળમાં યજ્ઞયાગાદિ ક્રિયાઓનો પૂર્ણ વિકાસ થયો હશે તે સમયગાળામાં 'નારાયણ' નામના ઋષિએ યજ્ઞક્રિયાને પ્રતીક તરીકે લઈને ''એક પરમ પુરુષમાંથી આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?'' એનું અહીં વર્ણન કર્યું છે. આથી આ સૂક્તને 'પુરુષ સૂક્ત'ના નામે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે બ્રાહ્મણો યજ્ઞમાં આહુતિ આપીને, પોતાના ધન-ધાન્યનો ત્યાગ કરે છે. તેમાં દેવતાઓ પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરવા અથવા દેવોનું પૂજન-અર્ચન કરી તેમને પ્રસન્ન કરવાનો ઉપક્રમ હોય છે. આવો યજ્ઞ કરવાથી કશા ધન-ધાન્યનો નાશ થતો નથી, પણ તેમાંથી તો નવસર્જન થાય છે – એવું ઋષિનું 'દર્શન' છે. આ સૃષ્ટિના આરંભે જ એક પરમ પુરુષ કે જે પોતે હજાર મસ્તકવાળો, હજાર આંખવાળો અને હજાર હાથ પગવાળો છે. તેમાંથી વિરાજ તત્ત્વ ઉત્પન્ન થયું, અને પછી તેમાંથી બીજો એક વૈરાજ યજ્ઞિય પુરુષ' ઉત્પન્ન થયો. દેવોએ આ વૈરાજ યજ્ઞિય પુરુષને હવિષ્ રૂપે કલ્પીને = યજ્ઞના પશુહવિ રૂપ કલ્પીને સૃષ્ટિયજ્ઞનો આરંભ કર્યો. પરિણામ સ્વરૂપે તે પુરુષનાં વિવિધ અંગોમાંથી સૃષ્ટિના વિવિધ પદાર્થો ઉત્પન્ન થયા- આવું સૃષ્ટિ પ્રક્રિયાનું સુન્દર વર્ણન અહીં રજૂ થયું છે.

ઋગ્વેદ (૧૦.૯૦)ના પુરુષસૂક્તથી યજુર્વેદના ૩૧મા અધ્યાયનું પુરુષ સૂક્ત જ્યાં જ્યાં જુદું પડે છે તે નીચે પ્રમાણે છે :-

(૧) પહેલા મન્ત્રના - **विश्वतो वृत्वा** - ને બદલે યજુર્વેદમાં **सर्वतस्पृत्वा** છે.

(૨) બીજા મન્ત્રના - **यच्च भव्यम्** ને બદલે યજુર્વેદમાં **यच्च भाव्यम्** છે.

(૩) પાંચમા મન્ત્રના **विराळजायत** ને બદલે યજુર્વેદમાં **विराडजायत** છે.

(૪) ઋગ્વેદના ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ મો મન્ત્ર યજુર્વેદમાં અનુક્રમે ૧૪, ૯, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫ અને ૧૬ મા મન્ત્ર તરીકે ગોઠવાયા છે.

(૫) ઋગ્વેદના ૧૧ મા મન્ત્રના બીજા-ત્રીજા પાદમાં **मुखं किमस्य कौ बाहू का**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

ઊરૂ પાદા ઉચ્યેતે । પાઠ છે, તેને બદલે યજુર્વેદમાં (તે દશમા મન્ત્ર તરીકે છે, અને) મુખં કિમસ્યાસીત્ કિમ્બાહૂ કિમૂરુપાદા ઉચ્યેતે એવું પાઠાન્તર છે.

(૬) ઋગ્વેદના ૧૩મા મન્ત્રના બીજા ચરણમાં મુખાદિન્દ્રશ્ચાગ્નિશ્ચ પ્રાણાદ્વાયુરજાયત । એવો પાઠ છે. પરંતુ યજુર્વેદમાં તે ૧૨ મા મન્ત્ર તરીકે ઉપસ્થિત થાય છે; અને તેમાં શ્રોત્રાદ્વાયુશ્ચ પ્રાણશ્ચ મુખાદગ્નિરજાયત । એવું પાઠાન્તર જોવા મળે છે.

આ ૧૬ મન્ત્રની પાછળ ૧૭ થી ૨૨ સુધીના મન્ત્રો નવા જોડવામાં આવ્યા છે :

17. અદ્ભ્યઃ સંભૃતઃ પૃથિવ્યૈ રસાચ્ચ વિશ્વકર્મણઃ સમવર્તતાગ્રે ।
તસ્ય ત્વષ્ટા વિદધદ્રૂપમેતિ તન્મર્ત્યસ્ય દેવત્વમાજાનમગ્રે ॥ ૧૭ ॥

અનુવાદ : વિશ્વનું (નિર્માણ વગેરે) કરવું એ છે કર્મ જેનું તે (કાળ), જળમાંથી પુષ્ટ થયેલો અને પૃથિવીના રસમાંથી (પૃષ્ટ થયેલો) (સૃષ્ટિના) અગ્રભાગે (= આરંભે) રહેલો હતો. તેનું રૂપ ધારણ કરતો ત્વષ્ટા (પ્રજાપતિ કે સૂર્ય) (પ્રતિદિન) ઉદય પામે છે. મર્ત્ય (માણસો) (સૂર્ય દ્વારા પ્રયાણ કરી) અજાન (= સૃષ્ટિના આદિકાળમાં ઉત્પન્ન થયેલા) દેવત્વને પામે છે.

નોંધ : આ મન્ત્રમાં અગ્રે સમવર્તત । નો કર્તા કોણ છે ? - તે દર્શાવ્યું નથી. તેથી અર્થઘટન દુષ્કર છે. મહીધરના મતે તે રસઃ છે. મહીધર આ મન્ત્રને સમજાવતાં કહે છે કે અદ્ભ્યઃ = જલાત્ અને (પૃથિવ્યૈ =) પૃથિવ્યાઃ સકાશાત્ ચ પૃથિવ્યપાં ગ્રહણં, ભૂતપઞ્ચકોપલક્ષકમ્ । 'જળ' અને 'પૃથિવી' એવા શબ્દોમાંથી પૃથિવી - અપ્ - તેજ - વાયુ - આકાશ એવા પાંચ મહાભૂતોનું ગ્રહણ થાય છે. આ પાંચ મહાભૂતોમાંથી જે રસ પૃષ્ટ થયો. તથા વિશ્વ છે કર્મ જેનું તે વિશ્વકર્મન્ કાળના રસમાંથી જે રસ ઉત્પન્ન થયો તે, સૃષ્ટિના આરંભે = અગ્રભાગે રહેલો હતો. તે રસનું રૂપ ધારણ કરતો ત્વષ્ટા અર્થાત્ આદિત્ય રોજ સવારે આવે છે = ઉદય પામે છે. તે ત્વષ્ટા (= સૂર્ય) મર્ત્યસ્ય અગ્રે = માણસોની પહેલાં, આજાનં દેવત્વમ્ (પ્રાપ્તાઃ) - જન્મથી માંડીને જ દેવત્વને પામેલા છે.

દેવો બે પ્રકારના હોય છે : ૧. કર્મદેવો અને ૨. આજાન દેવો. ઉત્કૃષ્ટ કર્મો કરવાથી જે (મનુષ્યો) દેવત્વને પામ્યા છે તેમને 'કર્મદેવો' કહે છે. તથા જેઓ સૃષ્ટિના આરંભે જન્મની સાથે જ દેવત્વને પામેલા છે, (દા. ત., સૂર્ય, ચન્દ્ર, વાયુ વગેરે) તેમને 'આજાન દેવો' કહે છે.

18. વેદાહમેતં પુરુષં મહાન્તમાદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ।
તમેવ વિદિત્વાતિમૃત્યુમેતિ નાન્યઃ પન્થા વિદ્યતેઽયનાય ॥ ૧૮ ॥

અનુવાદ : અન્ધકારની પેલી પાર રહેલા, આદિત્યના જેવા વર્ણવાળા તે મહાન્ પુરુષને હું જાણું છું. તે (પુરુષ)ને જાણીને (જ) મૃત્યુની પેલે પાર જવાય છે. આના સિવાય (પરબ્રહ્મની પાસે) જવાનો બીજો કોઈ માર્ગ નથી.'' 31.18

નોંધ : આ મન્ત્રમાં જણાવ્યું છે કે સૂર્યમંડળમાં રહેલા એ મહાન્ પરમ પુરુષને જાણવાથી જ મોક્ષ મળે છે. આ પરમ પુરુષ અર્થાત્ પરબ્રહ્મ સૂર્ય જેવો તેજસ્વી છે. અને તમસ્ અર્થાત્ અન્ધકાર કે અવિદ્યાની પેલે પાર રહેલ છે. તમ્ એવ વિદિત્વા - તેને જ જાણીને મૃત્યુમ્ અતિ એતિ - મૃત્યુને તરી જવાય છે. અયનાય = ગમનાય (= મોક્ષાય) ન અન્યઃ પન્થાઃ વિદ્યતે - (આ પરમ પુરુષને ઓળખ્યા વિના પરબ્રહ્મની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નજીક) જવાનો કોઈ બીજો માર્ગ (ઉપાય) નથી.

19. प्रजापतिश्चरति गर्भे अन्तरजायमानो बहुधा विजायते ।
तस्य योनिं परिपश्यन्ति धीरास्तस्मिन् ह तस्थुर्भुवनानि विश्वा ॥ १९ ॥

અનુવાદ : "જે અન્દર રહેલા (અન્તર્યામી) પ્રજાપતિ દેવ ગર્ભની અંદર પ્રવેશ કરે છે. (ફરે છે), તથા પોતે જન્મ નહીં લેતા હોવા છતાંય અનેક પ્રકારે (= કાર્યકારણ સ્વરૂપે) ઉત્પન્ન થાય છે. (બ્રહ્મતત્ત્વને જાણનારા) ધીર પુરુષો પ્રજાપતિના ઉત્પત્તિ સ્થાનને (સ્વરૂપને) [अहं ब्रह्मास्मि । એમ] સારી પેઠે જુવે છે. આ સઘળાં ભુવનો તે (કારણ સ્વરૂપ બ્રહ્મ)માં જ રહેલાં છે." 31.19

20. यो देवेभ्य आतपति यो देवानां पुरोहितः ।
पूर्वो यो देवेभ्यो जातो नमो रुचाय ब्राह्मये ॥ २० ॥

અનુવાદ : "જે (આદિત્ય સ્વરૂપ પ્રજાપતિ) દેવોને માટે પ્રકાશે છે; જે દેવોનો પુરોહિત (= આગળ સ્થાપવામાં આવતો દેવ) છે. જે (સૂર્ય) બધા દેવોની પણ પૂર્વે ઉત્પન્ન થયેલો છે, તેવા બ્રહ્મના સંતાન અને દેદીપ્યમાન (સૂર્ય)ને નમસ્કાર હજો." 31.20

નોંધ : આ મન્ત્રના ચાર પાદમાં ચાર વાક્યો આવેલાં છે. यः (प्रजापतिः) देवेभ्यः (अर्थाय) आ + तपति = द्योतते । જે દેવોને માટે પ્રકાશે છે, તપે છે. पुरोहितः = पुरस् આગળ, धा 'भूकर्तृ'નું कर्मणि भूत कृदन्त हित = આગળ સ્થાપવામાં આવેલો. रुचाय = તેજસે અથવા दीप्यमानाय - પ્રકાશતાં એવાં (ચતુર્થી), ब्राह्मये = ब्रह्मणोऽपत्यं ब्राह्मिः । ब्रह्मावयवभूताय = બ્રહ્મતત્ત્વના સંતાન અથવા બ્રહ્મના અવયવભૂત બનેલા (સૂર્યને), नमः = નમસ્કાર હજો. (नमः યોગે ચતુર્થી વિભક્તિ વપરાઈ છે.)

21. रुचं ब्राह्मं जनयन्तो देवा अग्रे तदब्रुवन् ।
यस्त्वैवं ब्राह्मणो विद्यात्तस्य देवा असन्वशे ॥ २१ ॥

અનુવાદ : "(સૃષ્ટિના આરંભે =) અગ્રભાગે સુશોભિત એવા બ્રહ્મના સંતાન (રૂપ આદિત્ય)ને ઉત્પન્ન કરતા દેવો તે બોલ્યા : (હે આદિત્ય !) જે બ્રાહ્મણ (= બ્રહ્મવેત્તા વ્યક્તિ) તમને આ પ્રમાણે (ઉત્પન્ન થયેલા) જાણે છે, તે (બ્રાહ્મણ)ના દેવો – (અર્થાત્ તેની ઇન્દ્રિયો) વશમાં રહે છે." 31.21

નોંધ :મહીધર रुचं નો અર્થ शोभनं, અને ब्राह्मं નો અર્થ ब्रह्मणोऽपत्यम् आदित्यं (जनयन्तः उत्पादयन्तः) એવો કરે છે. अब्रुवन् = ऊचुः - બોલ્યા. वशे असन् = वश्याः भवन्ति । વશમાં રહે છે. देवाः નો અર્થ 'ઇન્દ્રિયો' પણ થાય છે. આદિત્યોપાસનાથી ઇન્દ્રિયો વશ થાય છે, અને પરિણામે મોક્ષપ્રાપ્તિનો માર્ગ સરળ થાય છે.

22. श्रीश्च ते लक्ष्मीश्च पत्न्यावहोरात्रे पार्श्वे नक्षत्राणि रूपमश्विनौ व्यात्तम् ॥
इष्णन्निषाणामुं म इषाण सर्वलोकं म इषाण ॥ २२ ॥

અનુવાદ : "(હે આદિત્ય !) શ્રી (= સમ્પત્તિ) અને લક્ષ્મી (સૌન્દર્ય) એ બે તમારી પત્નીઓ છે; દિવસ અને રાત એ બે (તમારા) પાર્શ્વ (= પડખાં) છે, બધાં નક્ષત્રો એ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain Digitized by eGangotri.

(તમારું) રૂપ છે અને બે અશ્વિનૌ (= દ્યાવાપૃથિવી) (તમારાં) વિકસિત મુખ છે. (આવા તમે જે દેવ, તેમની પાસે હું માંગું છું કે –) કર્મફળની ઇચ્છા કરતાં તમે (મને સૌ કર્મફળ મળે તેમ) ઇચ્છો, પેલા (પરલોક)ની મારે માટે ઇચ્છા કરો, તથા સૌ લોકની પણ મારે માટે ઇચ્છા કરો (અર્થાત્ મને પ્રાપ્ત થાય એવો અનુગ્રહ કરો).'' 31.22

નોંધ : મહીધર શ્રીઃ શબ્દને સમજાવતાં કહે છે કે - **यया सर्वजनाश्रयणीयो भवति सा श्रीः** । જેના હોવા થકી બધા માણસો આશ્રય કરવા યોગ્ય બને છે તે 'શ્રી' છે. **श्रीयतेऽनया श्रीः संपद् इत्यर्थः** । જેના વડે આશ્રયણ પમાય છે તે 'શ્રી' અર્થાત્ સમ્પત્તિ. તથા **लक्ष्मीः** એટલે **यया लक्ष्यते दृश्यते जनैः सा लक्ष्मीः** । જેના વડે વ્યક્તિ લક્ષિત થાય છે, લોકો વડે જોવાય છે તે 'લક્ષ્મી'; અર્થાત્ સૌન્દર્ય. **अश्विनौ** - બેનું જોડકું દ્યૌ અને પૃથિવીલોક. **व्यात्तम्** - વિકસિત મુખ. **अमुं = परलोकं, मे मम, इषाण = मम परलोकः समीचीनोऽस्तु इति इच्छा** । પેલો પરલોક મને મળે એવી ઇચ્છા કરો. વગેરે.

॥ चतुस्त्रिंशोऽध्यायः ॥

ભૂમિકા : યજુર્વેદના ૩૪મા અધ્યાયના આરંભે જે છ મન્ત્રો આવેલા છે તે 'શિવ-સંકલ્પ ઉપનિષદ્'ના નામે વિખ્યાત છે. કારણ કે આ મન્ત્રો દ્વારા માણસનું મન શુભ - શિવ - કલ્યાણકારી સંકલ્પવાળું થાય એવી કામના કરવામાં આવી છે. માણસનું મન નિરતિશય વેગવાળું છે. જાગતા અને સૂતેલા વ્યક્તિનું મન ઘણે દૂર જનારું હોય છે. આ તેની એક વિશિષ્ટ શક્તિ છે. તે વાયુ કરતાં પણ વધુ વેગવાળું છે. આથી તેને 'જવિષ્ઠ' કહ્યું છે. તે મનુષ્યની બાલ - યુવા - કે વૃદ્ધાવસ્થામાં એકસરખું જ તાજગીપૂર્ણ થનગનતું હોય છે. આથી તેને અજર - અમર કહ્યું છે. તે ઇન્દ્રિયોને પણ પ્રકાશ આપનાર છે. આથી જો આપણું મન પવિત્ર, કલ્યાણકારી વિચારો કરનારું થાય, સાચા સારા સંકલ્પો કરે તો વિશ્વકલ્યાણ હાથવગું જ છે એમાં શંકા નથી. આથી **तन्मे मनः शिवसंकल्पमस्तु** ॥ એવી પ્રાર્થના અહીં ફરી ફરીને કરવામાં આવી છે, દરેક મન્ત્રના અંતે તેને ધ્રુવ-પંક્તિ રૂપે પુનરુક્ત કરવામાં આવેલ છે. જીવનમાં કરવા-જેવી આ જ એક પ્રાર્થના છે. જેણે મન જીત્યું તેણે સઘળું જીત્યું; જેના વિચારો, સંકલ્પો સારા - શિવ - શુભ તેનું જગત પણ શિવ-મંગલમય બની રહે છે. અન્યથા આ જગત્નો વિનાશ નિશ્ચિત છે.

1. यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति ।
दूरंगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ १ ॥

દેવતા : મન, ઋષિ : યાજ્ઞવલ્ક્ય, છન્દ : ત્રિષ્ટુપ્

અનુવાદ : ''જાગતા (વ્યક્તિ)નું જે (મન) ઘણે દૂર જાય છે, તથા સુતેલા (વ્યક્તિ)નું એ પ્રકાશ રૂપ દૈવી (મન) પણ એ જ રીતે (ઘણે દૂર) જાય છે. દૂર જનારું એ (મન) અન્ય જ્યોતિઓ (= ઇન્દ્રિયો)નું પણ એકમાત્ર જ્યોતિ (પ્રકાશક) છે; તેવું મારું મન શુભ કલ્યાણકારી - સંકલ્પવાળું હજો.'' 34.1

નોંધ : આ મન્ત્રમાં, મનુષ્યના મનની અસાધારણ વિશિષ્ટ શક્તિઓને ધ્યાનમાં લઈને, તે કલ્યાણકારી સંકલ્પવાળું - વિચારવાળું થાય એવી પ્રાર્થના કરવામાં આવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

जाग्रतः (पुरुषस्य) यत् (= मनः) दूरम् उदैति (= उद्गच्छति) 'જાગતા (વર્તમાન કૃદન્ત) વ્યક્તિનું જે (મન) દૂર જાય છે.' આને સમજાવતાં ઉવટ કહે છે કે - चक्षुः प्रभृतीनि अपेक्ष्य । અર્થાત્ માણસનું મન આંખ દ્વારા (चक्षुरिन्द्रियના माध्यम દ્વારા) ઘણે દૂર જઈ શકે છે. सुप्तस्य 'સુતેલા વ્યક્તિનું પણ મન તે જ પ્રકારે (દૂર) જાય છે.' અહીં મનને માટે दैवम् શબ્દનો પ્રયોગ કર્યો છે. दिव् 'પ્રકાશવું', 'ચમકવું' અર્થવાળા ધાતુમાંથી देव શબ્દ બને છે. ઉવટ કહે છે કે - देवो विज्ञानात्मा, सोऽनेन गृह्यत इति दैवम् । દેવ એટલે જ્ઞાન સ્વરૂપ આત્મા, આવો આત્મા જેના દ્વારા ગૃહીત થાય છે તે (મન)ને 'દૈવ' કહે છે.

तदु = तद् उ । અહીં यत् થી શરૂ થયેલું વાક્ય જે મનની એક અવસ્થામાં એક પ્રકારની શક્તિ વર્ણવી રહ્યું છે, તે જ મનની બીજી અવસ્થામાં એક બીજી શક્તિ કહેનારું ઉત્તરાર્ધનું વાક્ય પણ यद् થી શરૂ થવું જોઈએ એમ ઉવટ કહે છે : तदः स्थाने यदोवृत्तिः । तथा उकारः समुच्चयार्थीयः । तदु માંના उ કારનો અર્થ 'સમુચ્ચય' ('च = અને') જેવો થાય છે.

दूरंगमम् (= दूरं गच्छति यद् इति) '- દૂર જનારું.' આને સમજાવતાં ભાષ્યકાર ઉવટ કહે છે કે - अतीताना- गतवर्तमानव्यवहितविप्रकृष्टगृहीतृ (मनः) । અર્થાત્ માનવનું મન કઈ રીતે દૂર જનારું છે ? તો - જે મન ભૂતકાળ, ભવિષ્યત્કાળ અને વર્તમાનકાળની વસ્તુઓમાં જનારું હોય છે; તથા જે ભીંત વગેરે કશાક અન્તરાયની પાછળ રહેલું હોય છે, સમુદ્રને ઓળંગીને રહેલી વિદેશની ભૂમિમાં પણ જઈ આવનારું હોય છે તેને दूरगमम् 'દૂર જનારું' કહેવાય છે.

ज्योतिषां ज्योतिः - 'ઇન્દ્રિય રૂપ પાંચ જ્યોતિઓનું પણ જ્યોતિ (= પ્રકાશ આપનારું) તે મન છે. ઉવટ કહે છે : ज्योतिषां श्रोत्राहीनां विज्ञाननेतृणां मध्ये एकम् एव ज्योतिः । આવું તે મારું મન શિવસંકલ્પવાળું થાવ. ભાષ્યકાર મહીધર જણાવે છે કે - यच्च मनो ज्योतिषां प्रकाशकानां श्रोत्रादीन्द्रियाणामेकमेव ज्योतिः प्रकाशकं प्रवर्तकमित्यर्थः । प्रवर्तितान्येव श्रोत्रादीन्द्रियाणि स्वविषये प्रवर्तन्ते । ''શ્રોત્ર, ચક્ષુઃ વગેરે ઇન્દ્રિયો બાહ્ય જગત્ના પદાર્થોનું પ્રકાશન કરે છે - પણ તે ઇન્દ્રિયોને પ્રકાશ પૂરું પાડનાર જે જ્યોતિ = પ્રકાશક છે તે મન છે. મન વડે જ પ્રવર્તિત કરવામાં આવેલી શ્રોત્ર, ચક્ષુ વગેરે ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્ત થાય છે.'' આને વધુ વિશદ કરતાં મહીધર ઉમેરે છે કે - आत्मा मनसा संयुज्यते मन इन्द्रियेण, इन्द्रियम् अर्थेन इति न्यायोक्तेः मनः संबन्धम् अन्तरा तेषाम् अप्रवृत्तेः । (જ્ઞાન થવાની પ્રક્રિયા આ મુજબ થતી હોય છે :-) આત્મા, (કે જે એકલું ચૈતન્ય = પ્રકાશક તત્ત્વ છે) તે મનની સાથે જોડાય છે, પછી મન ઇન્દ્રિયની સાથે જોડાય છે અને છેલ્લે ઇન્દ્રિય પોતાના વિષયની સાથે (દા. ત., આંખ રૂપ સાથે, જીહ્વા સ્વાદ જોડે વગેરે) જોડાય છે ત્યારે બાહ્ય જગત્ના કોઈ પણ પદાર્થનું જ્ઞાન થાય છે. પણ (આત્માથી સંયુક્ત થયેલા) મનનું જ્યાં સુધી ઇન્દ્રિય સાથે સંધાન થયું હોતું નથી ત્યાં સુધી કોઈ વસ્તુનું જ્ઞાન થતું જ નથી. આંખ ખુલ્લી હોય, પણ જો મન આપણું બીજા કશાકનો વિચાર કરતું હોય તો સામેની વસ્તુનું આપણને જ્ઞાન થતું નથી. ભાષ્યકાર ઉવટે અહીં 'शिव-संकल्पवाळुं'નો અર્થ शान्तसंकल्पम् કરીને, એક બહુ સંકુચિત

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અર્થઘટન આપ્યું છે :- तत् मे मनः शिवसंकल्पमस्तु । संकल्पः काममूलपदार्थस्य स्त्र्यादेः सुरूपताज्ञानवतः कामप्रभृति शान्तसंकल्पम् अस्तु भवतु ॥ અર્થાત્ સ્ત્રીઓ કામનું મૂળ છે, તેમની સુરૂપતાનું જ્ઞાન થતાં, જે કામના ઊભી થાય છે, તેના પ્રત્યે આપણું મન, શાંત સંકલ્પવાળું થાય એવી પ્રાર્થના છે. ઉવટે 'આવો' અર્થ આપ્યો છે પણ તેનું વ્યાકરણથી કે કોશગત શબ્દાર્થથી સમર્થન થઈ શકે એમ નથી. शिव નો અર્થ કલ્યાણકારી, મંગળકારી (જ) થાય છે; પણ शान्त (શમી ગયેલું) એવો અર્થ ચિન્ત્ય જ છે.

ગ્રીફીથે આ મન્ત્રની પહેલી પંક્તિનો જુદી રીતે અનુવાદ કર્યો છે :- That which, divine, mounts far when man is waking, that which returns to him when he is sleeping. 'એ દિવ્ય (મન) જાગતા વ્યક્તિનું જે દૂર જાય છે, અને તે વ્યક્તિ જ્યારે સુતો હોય છે ત્યારે તે તેની પાસે પાછું ફરે છે.' तन्मे मनः शिवसङ्कल्पमस्तु નો તેમણે 'may that, my mind, be moved by right intention.' 'તે મારું મન સાચા - सम्यक् संकल्पથી (કાર્યમાં) પ્રવૃત્ત થાવ.' – એવો અનુવાદ કર્યો છે.

2. येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः ।
यदपूर्वं यक्षमन्तः प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ २ ॥

અનુવાદ : ''જે (મન)ના વડે કર્મશીલ મનીષીઓ યજ્ઞમાં કર્મો કરે છે, તથા વિદથોમાં અર્થાત્ યજ્ઞવિધિ-વિધાનોમાં ધીર વ્યક્તિઓ (કર્મો કરે છે). પ્રજાઓના અંતરમાં જે અપૂર્વ યક્ષ (= પૂજનીય) છે, તેવું મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ.'' 34.2

નોંધ : ભાષ્યકારોએ अपसः નો અર્થ अपस्विनः कर्मवतः । એવો કર્યો છે. મૂળમાં अपस् એ 'કર્મ'વાચક શબ્દ છે, તેને તદ્ધિતનો इन् પ્રત્યય લાગીને, પછી તેનો લોપ થયો છે. આમ अपसः તે मनीषिणः નું વિશેષણ બને છે : 'કર્મવાળાં = કર્મશીલ મનીષીઓ' येन मनसा सता - જે મનના હોતાં - જેના થકી, જે મન વડે, कर्माणि यज्ञे कृण्वन्ति = कुर्वन्ति । 'યજ્ઞમાં કર્મો કરે છે.' विदथेषु ને સમજાવતાં મહીધર કહે છે કે - यज्ञसंबन्धिनां हविरादिपदार्थानां ज्ञानेषु सत्सु इत्यर्थः । (અહીં સપ્તમી પરક અર્થ લીધો છેઃ) 'विदथेषु' એટલે યજ્ઞસંબંધી હવિષ્ વગેરે પદાર્થોનાં હોતાં (ધીર વ્યક્તિઓ યજ્ઞમાં કર્મો કરે છે.)

અહીં, મનને માટે બીજાં બે વિશેષણો વપરાયાં છે : ૧. अपूर्वम् અને ૨. यक्षम् । મન એ ઇન્દ્રિયોની પણ પૂર્વે રહેલું છે. મહીધર - यच्च मनः अपूर्वम् । न विद्यते पूर्वम् इन्द्रियं यस्मात् तद् अपूर्वम् ॥ જેની પૂર્વે ઇન્દ્રિય હોતી નથી - અથવા કામ કરી શકતી નથી - કારણ કે ઇન્દ્રિયની પૂર્વે મનનું સર્જન થયું છે. આથી તે મનને 'અપૂર્વ ઇન્દ્રિય' કહેવાય છે. તથા यक्षम् = पूज्यम् જે પૂજનીય છે, અથવા यष्टुं शक्तम् - યજન કરવા જે શક્તિમાન છે તે 'यक्ष' = મન.

ગ્રીફીથે પહેલી પંક્તિનો અર્થ - અન્વય બદલ્યો છે : ધીર (ડાહ્યા) અને વિદથોમાં (સભાઓમાં) જે મનીષીઓ (વિચારશીલ) વ્યક્તિઓ છે, જેઓ યજ્ઞમાં કર્મનિષ્ઠ છે; તેઓ પોતાનાં કર્તવ્યો (कर्माणि) કરે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

3. यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतं प्रजासु ।
यस्मान्न ऋते किंचन कर्म क्रियते तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ३ ॥

અનુવાદ : ''જે (મન) પ્રજ્ઞાન (સ્વરૂપ) છે, ચૈતન્ય છે અને જે ધૃતિ (= ધૈર્ય રૂપ) છે; તથા પ્રજાઓની અંદર જે અમર પ્રકાશ સ્વરૂપ છે. જેના વિના કશું પણ કર્મ કરી શકાતું નથી, તે મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ.'' 34.3

નોંધ : આ મન્ત્રમાં મનના દિવ્ય સ્વરૂપનું વર્ણન હોવાની સાથે તેની અસાધારણ કાર્યસાધક શક્તિનું કથન પણ છે. ભાષ્યકાર ઉવટ કહે છે કે પ્રજ્ઞાન એટલે વિશેષ પ્રતિપત્તિ (= સમજૂતી) તથા चेतः એટલે 'सामान्य प्रतिपत्ति.' મહીધરના મત મુજબ 'જેના વડે વિશેષ જ્ઞાન જન્મે છે તે પ્રજ્ઞાન' તથા चेतः જે સારી રીતે ચેતિત કરે છે; જ્ઞાપન કરે છે તે चेतस् તથા મનમાં જ ધૈર્ય જન્મે છે, તેથી મન અને ધૈર્યનો અભેદ કરીને, અહીં મનને જ 'ધૃતિ' અર્થાત્ ધૈર્ય સ્વરૂપ કહ્યું છે.

મન આત્મરૂપ હોવાથી અમરણધર્મી - અમૃત - છે. તથા જેના વિના ऋते અવ્યયના યોગે પંચમી વિભક્તિ વપરાય છે. તેથી यस्मात् मनसः ऋते = જે મનના વિના) પ્રાણીઓ કશું જ કાર્ય કરી શકતા નથી. પ્રાણીઓની પ્રવૃત્તિ મનઃપૂર્વક જ થતી હોય છે. તેથી કાર્યમાં જો મનનું અનુસંધાન ન હોય તો કાર્ય થઈ શકતું જ નથી. - આવું સર્વ કાર્ય સાધક મન જો અશુભ - અશિવ વિચાર કે સંકલ્પ કરનારું હોય તો મનુષ્યનું કે વિશ્વનું કલ્યાણ કદાપિ શક્ય જ નથી. આથી ઋષિ પ્રાર્થે છે કે માણસનું મન શિવ - શુભ - સંકલ્પવાળું હોવું અતીવ જરૂરી છે. માણસ જેવું વિચારે - જેવો સંકલ્પ કરે તેવું વિશ્વ બને છે. આથી આ મન્ત્રો દ્વારા કરવામાં આવતી પ્રાર્થના એ સઘળી પ્રાર્થનાઓના આરંભે જ કરવી જોઈએ.

4. येनेदं भूतं भुवनं भविष्यत्परिगृहीतममृतेन सर्वम् ।
येन यज्ञस्तायते सप्तहोता तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ४ ॥

અનુવાદ : ''એ અમૃત (મન) વડે આ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ - એ બધાનું ગ્રહણ થાય છે. જેનાં વડે સાત હોતાઓવાળો યજ્ઞ વિસ્તારવામાં આવે છે, તે મારું મન શુભ સંકલ્પવાળું થાવ.'' 34.4

નોંધ : भवति इति भुवनम् । એવી વ્યુત્પત્તિ મુજબ મહીધરે અને ઉવટે भुवनम् નો અર્થ वर्तमानकालम् કર્યો છે. सप्तहोता । એ પૂર્વપદમાં ઉદાત્ત સ્વરવાળો સામાસિક શબ્દ હોવાથી, બહુવ્રીહિ સમાસ છે; તથા यज्ञ નું તે વિશેષણ છે. ઉવટ કહે છે : अग्निष्टोमे सप्त होतारो भवन्ति । અગ્નિષ્ટોમ યજ્ઞમાં સાત હોતાઓ હોય છે : ૧. બ્રહ્મ, ૨. ઉદ્ગાતા, ૩. હોતા, ૪. અધ્વર્યુ, ૫. બ્રાહ્મણાચ્છંસી, ૬. મૈત્રાવરુણ અને ૭. પ્રતિસ્થાતા. આ સાતેય હોતાઓ મનથી જ યજ્ઞને વિસ્તારે છે, ''જ્ઞ કરે છે : तायते = तन्यते । = विस्तार्यते ।

5. यस्मिन्नृचः साम यजूꣳषि यस्मिन्प्रतिष्ठिता रथनाभाविवाराः ।
यस्मिꣳश्चितꣳ सर्वमोतं प्रजानां तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ५ ॥

અનુવાદ : જેવી રીતે રથની નાભિમાં આરાઓ રહેલા છે તેમ જે (મન)માં ઋચાઓ,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

સામ મન્ત્રો અને યજુષ્ રહેલા છે. તથા જે (મન)માં પ્રજાઓનું સર્વ ચિત્ત (જ્ઞાન) ઓતપ્રોત થઈને રહેલું છે તે મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ.'' 34.5

નોંધ : 'મનમાં જ ઋગ્વેદની ઋચાઓ, સામવેદના સામગાન અને યજુર્વેદના યજુષો રહેલા છે' - એને સમજાવતાં ભાષ્યકાર કહે છે કે મન જો સ્વસ્થ હોય, તો તેવા મનમાં જ વેદત્રયી સ્ફુરે છે, કેમકે મનમાં જ શબ્દમાત્રની પ્રતિષ્ઠા છે. સ્વસ્થ મનમાં જ વેદોચ્ચારણની શક્તિ હોય છે. આ રીતે મનમાં ઋચાઓ વગેરે રહેલ છે. આને સમજાવવા એક ઉપમા પ્રયોજી છે : રથની નાભિમાં જેવી રીતે આરાઓ રહેલા છે તેવી રીતે વેદની સમગ્ર શબ્દજાળ મનમાં પ્રતિષ્ઠિત છે. એ જ પ્રમાણે, પ્રજાનું ચિત્ત મનમાં જ ઓતપ્રોત છે; જેવી રીતે પટમાં તંતુઓ - તાણા-વાણારૂપે - ગુંથાયેલા હોય છે તેવી રીતે પ્રજાનું ચિત્ત = સર્વ જ્ઞાન મનમાં જ વણાયેલું છે. મહીધર કહે છે કે - **मनः स्वास्थ्ये एव ज्ञानोत्पत्तिः मनोवैयग्र्ये च ज्ञानाभावः** । 'સ્વસ્થ મનમાં જ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તથા મન વ્યગ્ર હોય તો જ્ઞાનનો અભાવ રહે છે. આવું મારું મન શિવ સંકલ્પવાળું થાવ. = શાન્ત વ્યાપારવાળું થાવ (મહીધર).

6. सुपारथिरश्वानिव यन्मनुष्यान्नेनीयतेऽभीशुभिर्वाजिन इव ।
हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ६ ॥

અનુવાદ : ''જેવી રીતે સારો સારથિ ઘોડાઓને દોરે છે તેવી રીતે જે (મન) માણસોને અતિશયપણે દોરે છે; તથા (સારો સારથિ) જેમ લગામો વડે ઘોડાને (કાબુમાં રાખે છે તેમ જે મન માણસોને કાબુમાં રાખે છે). હૃદયમાં પ્રતિષ્ઠિત થયેલું જે મન જરારહિત છે તથા અત્યંત ઝડપથી જનારું છે તે મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ.'' 34.6

નોંધ : **सुपारथिः** = सु + सारथिः - સારો સારથિ, **मनुष्यान् नेनीयते** = अत्यर्थं नयति (पौनः पुन्यार्थक क्रियापदનો યથાર્થ પ્રયોગ). મનને એક સારા સારથિની ઉપમા આપી છે, આ મન જ સઘળા મનુષ્યોને ચારે તરફ, જુદા જુદા વ્યાપારોમાં જોતરે છે, ફેરવે છે, લઈ જાય છે. માટે એકલું **नयति** નહીં, પણ **नेनीयते** । વળી, એ મન માત્ર માણસોને લઈ જવાનું જ કામ કરતું નથી, પણ તે સુ-સારથિ જેવું હોવાથી નિયંત્રણનું પણ કામ કરે છે. **अभीशुभिः** = લગામથી જેમ **वोजिन्** = ઘોડો કાબુમાં રખાય છે, તેમ મનરૂપી લગામથી માણસોને પણ કાબુમાં લેવાય છે. મહીધર કહે છે : **प्रथमायां नयनं, द्वितीयायां नियमनम्** । **तथा मनः प्रवर्तयति नियच्छति च नरानित्यर्थः** ॥ આવા મનને **हृत्प्रतिष्ठ, अजिर** અને **जविष्ठ** કહ્યું છે, મન હૃદયમાં રહેલું હોય છે, તથા બાલ્ય યૌવન કે વૃદ્ધાવસ્થામાં મન તો એકસરખું જ હોય છે. તેથી તેમાં જીર્ણતા - વૃદ્ધાવસ્થા - આવતી નથી. આમ તે 'અજિર' = અજર છે. મનને 'અતિશય વેગવાળું' (જવિષ્ઠ) કહ્યું છે, કેમકે તે વાયુથી પણ વધારે વેગવાન છે. આવું મન શિવ-કલ્યાણકારી સંકલ્પવાળું થાય એવી અત્યર્થના કરવામાં આવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અમારું આગામી પ્રકાશન

॥ શ્રીઃ ॥

ऋग्वेदः

(दशमं मण्डलम्)

(અભ્યાસક્રમમાં નિયત સૂક્તો)

: સમ્પાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ

સંસ્કૃત વિભાગ

ભાષા-સાહિત્ય ભવન

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૧૯૯૫-૯૬ આવૃત્તિ

શાશ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat